Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं | वीर सं. २४५२. भाद्रपद आत्म सं. ३१ | अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧ "એ" કરાર. ... | ...૪૩ | ૭ આદર્શ શિક્ષક ... | ...૫૯ |
| ૨ સુવાસિક ફુલડાં, જિનપૂજા. | ...૪૪ | ૮ મ્હારા વંદનીય ગુરૂ... | ...૬૧ |
| ૩ વિશ્વરચના પ્રબંધ. ... | ...૪૫ | ૯ મનોબળ. ... ... | ...૬૨ |
| ૪ સાંસારિક જીવન. ... | ...૪૮ | ૧૦ પ્રશ્નોત્તર. ... ... | ...૬૩ |
| ૫ જીવ, મન અને ઇંદ્રિયોના સંલાપરૂપ કથા. ... | ...૫૨ | ૧૧ સુધારો. ... ... | ...૬૫ |
| | | ૧૨ વર્તમાન સમાચાર.... | ...૬૬ |
| ૬ જૈનોની જૈનો પ્રત્યે ફરજ. | ...૫૫ | ૧૩ સ્વીકાર અને સમાલોચના. | ...૬૮ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ, નોટ વગેરે. તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલી-થી અર્થ સહિત વિગેરેની રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિંમત રૂ ૧-૮-૦ મુદ્દલ કિંમત પોષ્ટેજ જુદું.

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભા તરફથી અનેક વિવિધ સાહિત્યના અનેક ગ્રંથો પ્રકટ થતા હોવાથી, આ સભાના લાઇફ મેમ્બરો અત્યાર સુધીમાં અનેક ગ્રંથો ભેટ મેળવી એક ધાર્મિક સારી લાઇબ્રેરી કરી શકયા છે, જે તેઓશ્રીના ધ્યાનમાંજ છે. ગ્રંથો ભેટ આપવાની ઉદારતા આ સભાએ જેવી રાખેલ છે તેવી કોઇએ ભાગ્યેજ રાખેલ હોવાથી તેને લઇને અનેક બંધુઓ દર માસે નવા નવા લાઇફ મેમ્બરો થતા જાય છે. દિવસાનુદિવસ અનેક ગ્રંથો સભા તરફથી ભેટ મળતા હોવાથી આર્થિક દષ્ટિએ વિશેષ લાભ વ્યાજની ગણત્રીએ વધી જાય છે અને જ્ઞાનોદ્ધારના કાર્યને ઉત્તેજન અને પઠન-પાઠનથી આત્માની નિર્મળતા વધે તે પણ ખાસ છે, તેથી કોઇપણ જૈન બંધુએ આ સભામાં લાઇફ મેમ્બર થઇ તેવો લાભ વેળાસર લેવાની જરૂર છે. **નીચેના ગ્રંથો પ્રકટ થયેલા છે. જે ભેટ આપવાના છે.**

## ગ્રંથોના નામ.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી કાવ્યસુધાકર. | ૨-૮-૦ | ૨ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ, વિશેષાર્થ, ફુટનોટ વિગેરે સહિત | ૧-૮-૦ |
| ૩ શ્રી આચારોપદેશ. | ૦-૮-૦ | | |
| ૪ શ્રી ધર્મરત્નપ્રકરણ. | ૧-૦-૦ | | |

ઉપરના ચારે ગ્રંથો ભાદરવા વદી ૧૦ થી ધારા પ્રમાણે બહાર ગામના દરેક લાઇફ મેમ્બરોને પોસ્ટેજ પુરતા વી૦ પી૦ થી ભેટ મોકલવામાં આવશે જેથી સ્વીકારી લેવા વિનંતિ છે.

અત્રેના લાઇફ મેમ્બર બંધુઓએ સભાએથી મંગાવી લેવા વિનંતિ છે.

**નોટઃ—હવે પછી ઘણાજ ઉપયોગી મોટા ગ્રંથો છપાય છે તે પ્રકટ થયે ભેટ આપવાના છે. આત્માનંદ પ્રકાશના ટાઇટલ વાંચવા ભલામણ છે. કોઇ પણ જૈન શ્રીમાને કે સંસ્થાએ આવો સારો ગ્રંથોના ભેટનો લાભ ભૂલવાનો નથી. રીપોર્ટ તથા સૂચીપત્ર મંગાવી ખાત્રી કરો ! ! !**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदाभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४५२. भाद्रपद, आत्मसंवत् ३१. } अंक २ जो.

## " श्रे' करार. "

ઇચ્છા અનિચ્છાએ અગર જાણે અજાણે જે થયાં,
ગતવર્ષના અપરાધની માફી ચહું શુદ્ધિ થવા;
ફરમાનવત્ વર્તન બનાવા યોગ ત્રયને કેળવું,
વ્યકિત સમષ્ટિ સાથ શુદ્ધિ સ્નેહ ભાવે મેળવું. ૧
પર્યૂષણામાં પ્રેમથી આલોચતા અપરાધને,
આત્મિય શુદ્ધિ કરણુ સુંદર માર્ગ જૈની સમાજને;
વાર્ષિક માફી માગવી કર્તવ્ય ગણી વ્યવહારમાં,
અર્પિ પરસ્પર ભ્રાત ! મૈત્રિ કેળવો સત્કાર્યમાં. ૨

પર્યૂષણા–વિ. સં. ૧૯૮૨ }
મુંબઈ–૩

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુવાસિક ફુલડાં!

સૃષ્ટિમહીં શોભા વધારી, સુભાગી આ ફુલડાં!
અરૂણોદયે વિકસિત થાતાં, વિલાસી આ ફુલડાં!
ભ્રમર વિયોગે રૂદન: કરતાં, ચોપાસ ફરે ફુલડાં!
મધુર સુગંધી ભાન ભુલાવે, મધુર આ ફુલડાં!
રસીક જન મન:રંજન કરતાં, રસિક આ ફુલડાં!
તમ ઉદ્યાને સ્વર્ગ બીરાજે, સ્વર્ગીય આ ફુલડાં!
પ્રભુ અંગે પૂજ્ય મનાતાં, પવિત્ર સૌ ફુલડાં!
સુવાસ તમારી ચો દિશ, રેલો! સુવાસિક ફુલડાં!

કલ્યાણચંદ કેશવલાલ-વડોદરા.

# जिनपूजा.

( मनहर छंद. )

ચિત્તને પવિત્ર કરે, રોગ શોગ ચિંતા હરે;
વિવિધ વંછિત પૂરે, કામધેનુ તુલ્ય છે.
પુણ્યને પોષણ દીએ, પાપ તાપ હરી લીએ;
ચઉગતિ દુ:ખ ચૂરે, બોધી કેરૂં મૂળ છે.
અવ્યાબાધ સુખ આપે, પૂજનિક પદે સ્થાપે;
માપથી ન કોઈ માપે, અદ્ભુત અતૂલ્ય છે.
એવી **जिनपूजा** જાણી, ઉરમાં ઉમંગ આણી;
ભાવે કરો ભવિ પ્રાણી, અમૂલ્ય જેનું મૂલ્ય છે.

વેજલપુર }
ભરૂચ. }

શાહ છગનલાલ નહાનચંદ.
નાણાવટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વરચના પ્રબંધ.

## ( પરિશિષ્ટ ૨ જું. )

( ગતાંક પૃષ્ટ ૧૧ થી શરૂ. )

### क–ગાર્ગી અને યાજ્ઞવલ્કયનો સંવાદ.

ગાર્ગીએ યાજ્ઞવલ્કયની સન્મુખ બેસીને તેમને પ્રશ્ન કર્યો કે હે યાજ્ઞવલ્કય ! સર્વે કાર્યો પોતાના કારણોમાં રહેલાં છે. જેમકે પટરૂપી કાર્ય પોતાના કારણરૂપ તંતુમાં રહેલું છે. આ જગતમાં જેટલા પાર્થિવ પદાર્થો છે તે સર્વે પદાર્થો કાર્ય રૂપ છે માટે તેઓ કારણ રૂપ જળમાં રહેલા છે અને અંદર તથા બહાર કારણ રૂપી જળથી વ્યાપ્ત થયેલ છે. જો પાર્થિવ પદાર્થો જળથી વ્યાપ્ત ન હોય તો તે સેતુની પેઠે વિશીર્ણભાવને ( નાશને ) પામી જાય; પરંતુ વિશીર્ણ થતા નથી. માટે પાર્થિવ પદાર્થો જળથી વ્યાપ્ત છે અને કાર્યરૂપે રહેલા છે. જેમ પાર્થિવ પદાર્થો કાર્યરૂપ છે તેમજ જળ પણ કાર્યરૂપ છે તો હે મુનિ ! એ જળ કયા કારણમાં ઓતપ્રોત રહેલું છે ?

યાજ્ઞવલ્કય બોલ્યા—હે ગાર્ગિ ! જળ વાયુમાં ઓતપ્રોત રહેલું છે. વેદાંત શાસ્ત્રમાં જળનું ઉપાદાન કારણ તેજને માનેલું છે અને તેજનું ઉપાદાન કારણ વાયુને માનેલો છે; પરંતુ પિતામહને જેમ પુત્રના પુત્રનું પણ કારણ માનવામાં આવે છે તેમજ તેજનું કારણ જે વાયુ તે વાયુને પણ જળનું કારણ કહેવામાં આવે છે.

ગાર્ગી—ત્યારે વાયુ કયા કારણમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—અંતરિક્ષ લોકમાં. ગાર્ગી—અંતરિક્ષ લોક કયા કારણમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—ગંધર્વ લોકમાં. ગાર્ગી—તે લોક કયા લોકમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—સૂર્યલોકમાં. ગાર્ગી—સૂર્યલોક કયા લોકમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—ચંદ્રલોકમાં. ગાર્ગી—તે ચંદ્રલોક કયા લોકમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—નક્ષત્રલોકમાં. ગાર્ગી—નક્ષત્ર લોક કયા કારણમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—દેવલોકમાં. ગાર્ગી—દેવલોક કયા લોકમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—ઇંદ્રલોકમાં. ગાર્ગી–ઈંદ્રલોક કયા લોકમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—પ્રજાપતિલોકમાં. ગાર્ગી—પ્રજાપતિ લોક કયા લોકમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કય—બ્રહ્મલોકમાં. એ બ્રહ્મલોકમાં સમષ્ટિરૂપે એક અને વ્યક્તિરૂપે અનેક જાતનો છે. માયા અથવા તો અજ્ઞાન જે માનીયે તે અવ્યાકૃત સર્વના કારણરૂપ છે. અજ્ઞાન માયારૂપ અવ્યાકૃત અનાદિ છે. માટે અવ્યાકૃત કાર્યપણું સંભવતું નથી. તેમજ શુદ્ધ આત્મામાં પણ કાર્યપણું સંભવતું નથી. અવ્યાકૃત બ્રહ્મલોકનો આશ્રય કરનારો આત્મા અનુમાન પ્રમાણથી સિદ્ધ થતો નથી, પણ માત્ર શાસ્ત્રવડેજ સિદ્ધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાર્ગી—અવ્યાકૃત બ્રહ્મલોક કયા કારણમાં ઓતપ્રોત છે ?

યાજ્ઞવલ્કય—હે ગાર્ગી ! આનંદ મૂર્તિ આત્મા કેવલ શાસ્ત્રથીજ જાણી શકાય છે માટે તમારે શાસ્ત્રના પ્રમાણોને અનુસરીને પ્રશ્નો પૂછવા. તમારો પ્રશ્ન અનુમાન પ્રમાણને અનુસરતો છે તે વ્યર્થ છે; કારણકે સર્વના અધિષ્ટાન રૂપ આત્મા અનુમાન પ્રમાણનો વિષયજ નથી. હે ગાર્ગી, તમે વિચાર કર્યા વિના કેવળ દુરાગ્રહથીજ પ્રશ્નો પૂછશો તો તમારૂં મસ્તક ભૂમિ ઉપર પડશે; કારણ કે અત્યંત ઉત્તમ પદાર્થને જે અત્યંત અધમ પદાર્થ ગણે છે તેને અનંત અનર્થો થાય છે. પરમાત્મા અનુમાનનો વિષય નથી. તેને જલાદિકની પેઠે અનુમાનનો વિષય માનીને અતિ પ્રશ્ન કરશો તો તમારૂં મસ્તક ભૂમિ ઉપર પડશે. તે સાંભળીને ગાર્ગીએ વિશેષ પ્રશ્ન કરવાનું બંધ કર્યું અને પછી અરૂણઋષિનો પુત્ર ઉદ્દાલક યાજ્ઞવલ્કયને પ્રશ્ન કરવા માટે પોતાના આસન ઉપરથી યાજ્ઞવલ્કયની પાસે આવીને પ્રશ્ન કરવા લાગ્યો.

## ख—યાજ્ઞવલ્કય અને ગાર્ગીનો પુનઃ સંવાદ.

આ પ્રમાણે યાજ્ઞવલ્કયે બ્રાહ્મણ સભામાં વિદ્વાન બ્રાહ્મણોના પ્રશ્નોનો ઉત્તર આપ્યો તે સાંભળીને આખી સભા મૌન થઇ ગઈ. તે સમયે ગાર્ગી પાછી પ્રશ્નો પૂછવાને ઉભી થઇ અને તેણે સર્વ બ્રાહ્મણોની આજ્ઞા માગીને બે પ્રશ્નો યાજ્ઞવલ્કયને પૂછયા.

હે યાજ્ઞવલ્કય! તમે જેમ પ્રખ્યાત અને બુદ્ધિમાન છો તેમ હું પણ પ્રખ્યાત ને બુદ્ધિમતી છું. શાસ્ત્રમાં પુરૂષના કરતાં સ્ત્રીઓમાં અવિવેક, અધૈર્ય, કામ અને ક્રોધ આ ચાર ગુણ વિશેષ છે—આમ કહ્યું છે. હું સ્ત્રીઓમાં સરસ્વતી સમાન તીક્ષ્ણ બુદ્ધિવાળી છું અને પૃથ્વી ઉપર કોઇપણ પુરૂષ નથી એમ હું માનું છું. એક આપનેજ પુરૂષરૂપ માનું છું; કારણ કે આપને યથાર્થ બ્રહ્મજ્ઞાન થયું છે. આ જગતમાં જેઓ અજ્ઞાની છે તેઓ સ્ત્રીના સમાન છે અથવા તો નપુંસક છે; કારણ કે જેમ સ્ત્રીઓને પોતાના પતિને આશ્રિત રહેવું પડે છે તેમજ અજ્ઞાની પુરૂષને પોતાના સ્વામીને આધીન રહેવું પડે છે. અસમર્થ પુરૂષને આ જગતમાં નપુંસક કહેવામાં આવે છે તે પ્રમાણેજ જેઓ પોતાના આત્માને જાણતા નથી તેઓને પણ હું નપુંસક માનું છું. હે યાજ્ઞવલ્કય! હું ભર જુવાનીમાં છું. અને જુવાન પુરૂષોની સાથે રહું છું. છતાં મને કામાદિ વિકારો જરાપણ પીડા કરતા નથી. હું આ સભાની વચ્ચે વસ્ત્ર વિનાની ઉભી છું તેથી આ બ્રાહ્મણો કામાદિકનો વિકાર થવાના ભયથી મારી સામે જોતા નથી; પરંતુ હું તેઓની સામે નિર્ભયતાથી જોઉં છું. તેઓના હાથ વિગેરેનો સ્પર્શ કરીને વ્યવહાર કરૂં છું; છતાં મને જરા પણ વિકાર થતો નથી. તેથી હું સ્ત્રી નથી; પરંતુ અજ્ઞાની જીવજ સ્ત્રી છે. જેને હું વધુ છું, હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર છું, રૂપાળી છું, ઉંચા જ્ઞાનવાળી છું, યૌવનવતી સ્ત્રી છું, માતા છું, આવા આવા ભાવો થતા હોય તે આ લોકમાં સ્ત્રી કહેવાય છે; પરંતુ મને તેવા ભાવો થતા નથી તેથી લૌકિક દૃષ્ટિએ પણ હું સ્ત્રી નથી. જેને આનંદરૂપ આત્માનું સંપૂર્ણ જ્ઞાન થયું હોય તેને શ્રુતિમાં પુરૂષ કહ્યો છે. પછી તે પુરૂષ હોય કે સ્ત્રી હોય કે નપુંસક હોય ગમે તે હોય; જ્ઞાનની મહત્તાનેજ શાસ્ત્રમાં પુરૂષત્વ તરીકે વર્ણવેલ છે. નાટકમાં વેશ ભજવનારો પુરૂષ જેમ ઘડીકમાં સ્ત્રી, ઘડીકમાં પુરૂષ, ઘડીકમાં નપુંસક, ઘડીકમાં રાજા અને ઘડીકમાં ગરીબ બને છે; પરંતુ ખરી રીતે તો તે જેવો હોય છે તેવોને તેવોજ રહે છે; તેમજ આ ક્ષણભંગુર દેહ રૂપી વેશ ભજવવા માટે ગમે તે સ્વરૂપને ધારણ કરવામાં આવે; પરંતુ અખંડ અનિત્ય આત્મા તો એનો એજ રહે છે. તેને સ્ત્રી નપુંસક વિગેરે પ્રાકૃત ધર્મો બાધ કરતા નથી. હું પણ બધા નાશવંત ભાવોથી રહિત છું તેથી સ્ત્રી નથી પણ શ્રુતિમાં કહેલા પુરૂષ જેવી છું અને વાણી રૂપી ધનુષમાં બે પ્રશ્ન રૂપી તીવ્ર તીર ચઢાવીને વિવાદમાં તમારો પરાજય કરવાને આવી છું. માટે તમે સાવધાન થઇને વાગ્યુદ્ધ કરવાને તૈયાર થઇ જાઓ.

યાજ્ઞવલ્કયે ગાર્ગીના તરફ મુખ કરીને કહ્યું:-ભગવતિ ગાર્ગી ! તમે ઇચ્છામાં આવે તે પ્રશ્નો ખુશીથી કરો. હું તેના ઉત્તરો આપીશ. એટલે ગાર્ગીએ પ્રશ્ન કર્યો. હે યાજ્ઞવલ્કય ! શાસ્ત્રવેત્તા પુરૂષો જેને બ્રહ્માંડના કપાલની ઉપરના ભાગમાં છેક નીચેના કપાલમાં અને તેના સંધિ ભાગમાં જેનું વર્ણન કરે છે તથા જે ભૂત ભવિષ્ય અને વર્તમાન રૂપ સર્વ પ્રપંચથી જેને ભિન્ન વર્ણવે એવો સૂત્રાત્મા કયા કારણમાં ઓતપ્રોત છે ? યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો કે હે ગાર્ગી ! તમે જેને સૂત્રાત્મારૂપ કાર્ય કહો છો તે આવરણ વિશેષ શક્તિવાળા અવ્યાકૃતરૂપ આકાશમાં ઓતપ્રોત થઇને રહેલો છે. જેમ મેઘ કેવળ આકાશનો આશ્રય કરીને રહે છે તેમજ સૂત્રાત્મા પણ કેવળ અવ્યાકૃત આકાશનો આશ્રય કરીને રહેલ છે. તે પછી ગાર્ગીએ પ્રશ્ન કર્યો કે અવ્યાકૃત આકાશ કોનામાં ઓતપ્રોત થઇને રહેલું છે ? ગાર્ગીનો આ પ્રશ્ન યાજ્ઞવલ્કયને નિગ્રહ સ્થાનમાં લાવવા માટે હતો; પરંતુ યાજ્ઞવલ્કયે તર્ક શાસ્ત્રમાં કુશળ હતા તેમણે ઉત્તર આપ્યો સર્વ વિશ્વના બુદ્ધિ આદિના સાક્ષી નિત્ય અપરોક્ષ એવા આત્મારૂપ અક્ષર બ્રહ્મામાં અવ્યાકૃત આકાશ ઓતપ્રોત થઇને રહેલું છે.

શુ૦ પં૦ ૧૯૭૮

(ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાંસારિક જીવન.

( ગતાંક પૃષ્ઠ ૨૪ થી શરૂ )

**વિઠ્ઠલદાસ. મૂ. શાહ.**

હવે આપણે સાંસારિક જીવનના પ્રધાન અંગ ઉપર કંઇક વિચાર કરશું. તે પ્રધાન અંગ ' અનુભવ ' છે. સંસારમાં આપણે જીવન કેવી રીતે વ્યતીત કરવું જોઇએ તેનું શિક્ષણ કેવળ અનુભવ જ મનુષ્યને આપે છે. આપણે કોઇને હમેશાં ગમે તેટલા ઉપદેશ આપીએ, હમેશાં શિક્ષાપૂર્ણ વસ્તુઓ દેખાડીયે, પરંતુ તે સર્વનુ કશું પણ સારૂં પરિણામ આવતું નથી. તે મનુષ્ય ક્યાંય ને ક્યાંય ભૂલ કરશેજ. અને જો જે વસ્તુઓનો આપણે તેને ઉપદેશ આપતા હોઇયે તેનો થોડો અનુભવ કરી બતાવીયે, તો તેનું પરિણામ ઘણુંજ સારૂં અને સંતોષકારક આવે છે. સંસાર કર્મક્ષેત્ર છે. તેમાં રહેવાને તેજ મનુષ્ય લાયક થઇ શકે છે કે જે કર્મશીલ હોય છે અને કર્મશીલતા વગર અનુભવ પ્રાપ્તિ અશકય છે. એકલી વાતોથી મનુષ્ય માત્ર સિદ્ધાંત જાણી શકે છે, કાર્ય કરવાને યોગ્ય તે કદી બની શકતો નથી. કેવળ પુસ્તકો વાંચવાથી અથવા ઉપદેશ સાંભળવાથી ખરેખરૂં મનુષ્યત્વ આવી શકતું નથી; તેમજ ચારિત્ર પણ ઘડાતું નથી. એ વાતોને માટે તો દુનિયાની ચડતી પડતી જોવાની જરૂર છે.

જે મનુષ્યને સદાચારની પરીક્ષા નથી થઇ તે પુરેપુરો સદાચારી થઇ શકતો નથી. જે મનુષ્યને કદિપણ ધનના દર્શનજ નથી થયા હોતા તેના સંબંધમાં કયી રીતે કહી શકાય કે તે ચોર નથી. જે મનુષ્ય હમેશાં એકાન્તમાં જ વાસ કરે છે તેના સંબંધમાં કેવી રીતે કહી શકાય કે તે મહાત્મા છે અને તેનામાં સંસારનું કલ્યાણ કરવાની મહાન્ શક્તિ છે. એકાંતવાસથી તો ઉલ્ટું એમ સિદ્ધ થાય છે કે તે સંસારને તેમજ મનુષ્યોને તુચ્છ ગણે છે અને તે વસ્તુતઃ તેની અસમર્થતા તેમજ કાયરતાનો જ પરિચાયક થઇ શકે છે; પરંતુ જે મનુષ્ય કર્મક્ષેત્રમાં ઉતરીને કંઇક કાર્ય કરે છે તે જ લાયક અને સદ્દગુણી ગણાય છે અને તેજ અનુભવ પ્રાપ્ત કરીને મોટાં મોટાં કાર્ય પણ કરી શકે છે. મનુષ્યમાં ખરેખરૂં મનુષ્યત્વ અને બળ ત્યારેજ આવે છે કે જ્યારે તે સમાજના લોકોની સાથે હળીમળીને કાર્ય કર્યા કરે છે. કાર્ય કરવાથી જ મનુષ્યને પોતાનાં કર્તવ્યનું જ્ઞાન થાય છે, કાર્યથી જ તેને શિક્ષણ મળે છે, કાર્યથી જ તેનાં ધૈર્ય સાહસ તેમજ અધ્યવસાય વિગેરેની પરીક્ષા થાય છે અને કાર્યથી જ અનુભવની વૃદ્ધિ થાય છે. કોઇ કોઇ સમયે કઠિનતાઓ અથવા આપત્તિઓની સામે થવું પડે છે. તે જ આપણાં સદાચારચિત્ર ઉપર પોલીશ ચઢાવે છે, અને તે સમયે આપણે જે અનુભવ પ્રાપ્ત કરીએ છીએ તેજ ભવિષ્યમાં આપણા ગુણોની વૃદ્ધિ કરે છે અને આપણને શ્રેષ્ઠ બનાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી શક્તિ અથવા ગુણો વિગેરેનું પૂરેપુરૂં જ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ આપણને કાર્ય તેમજ અનુભવની જ સહાયતા મળે છે. જે મનુષ્ય કશું કાર્ય કરતો નથી અને અનુભવ પ્રાપ્ત કરતો નથી તે વસ્તુત: કેવળ અસમર્થ અને અકર્મણ્ય હોય છે. તેને પોતાની મેળે એટલું જ્ઞાન નથી હોતું કે હું કેવા પ્રકારનું કાર્ય કરવા સમર્થ છું અને કયું કામ મારાથી બની શકશે નહિ. પરંતુ પ્રત્યેક મનુષ્યનું પરમ કર્તવ્ય છે કે તેણે પોતાની શક્તિનું પુરેપુરૂં જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઇયે. એક વિદ્વાનનું મંતવ્ય છે કે જે મનુષ્યને પોતાની શક્તિઓનું સંપૂર્ણ જ્ઞાન હોય છે તે કદિ પણ દુષ્ટ નથી બની શકતો અને જેને પોતાની શક્તિઓનું જ્ઞાન નથી હોતું તે કદિ સાધુ પુરૂષ નથી થઇ શકતો. એટલા માટે પ્રત્યેક મનુષ્યને માટે એ વાત ઘણી જ અગત્યની છે કે તેણે પોતાની શક્તિનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું. શક્તિ તો પ્રત્યેક મનુષ્યમાં હોય છે, અને નિરંતર ઉપયોગ કરીને તેની વૃદ્ધિ પણ કરી શકાય છે. પરંતુ તેનો ઉપયોગ કર્યા પહેલાં એટલું સમજવાની આવશ્યક્તા છે કે આપણામાં તે શક્તિ છે કે નહિ? જ્યારે આપણા સમજવામાં આવી જશે કે મારામાં આટલું બળ છે અને હું અમુક કાર્ય કરવા સમર્થ છું ત્યારેજ આપણે કોઇ મોટું કાર્ય કરી શકીશું, અન્યથા નહિ.

તેથી જે લોકો સંસારમાં કાંઈ કાર્ય કરવા ઇચ્છતા હોય તેઓને માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ સૌથી અધિક આવશ્યક અને પ્રથમ કર્ત્તવ્ય છે. જ્યાં સુધી આપણે આપણી શક્તિથી પરિચિત નહિ થઈએ ત્યાં સુધી આપણે તેનો ઉપયોગ જ નહી કરી શકીએ. શક્તિથી પરિચિત હોવા ઉપરાંત એક વખત જ્યારે આપણે તેનો ઉપયોગ કરશું ત્યારે આપણે આપણા પ્રાપ્ત અનુભવની સહાયતાથી બીજું મોટું કામ ઉપાડશું અને એ રીતે વધતાં વધતાં એક સમય એવો આવશે કે આપણે મોટામાં મોટું કાર્ય કરવા સમર્થ થઇશું. જો આપણે પોતે આપણી શક્તિનું જ્ઞાન પ્રાપ્ત કરી શકીયે તો આપણે બીજા લોકોનાં ઉદાહરણથી તે પ્રાપ્ત કરવું જોઇયે. સંસારમાં બીજા લોકોને કાર્ય કરતાં જોઇને આપણે બોધ લેવો જોઇયે અને સમજવું જોઇએ કે મારામાં પણ એટલું બળ છે અથવા હોઇ શકે છે. આપણા અનુભવ ઉપરાંત આપણે બીજાના અનુભવથી પણ લાભ મેળવવો જોઈયે. મનુષ્ય બીજાના અનુભવથી લાભ મેળવવામાં પોતાની લઘુતા સમજે છે, તે કદિ પણ કોઇ સારૂં અથવા મોટું કાર્ય કરી શકતો નથી, તેટલા માટે આપણે બીજાનાં કાર્યો અને વ્યવહારો વિગેરે ઉપરથી બોધ ગ્રહણ કરવા હમેશાં તત્પર રહેવું જોઇયે.

જેને લોકો બુદ્ધિમત્તા અથવા સમજશક્તિ કહે છે તે બીજું કાંઇ નથી, પણ સંસારના આજસુધીના અનુભવનોજ સાર છે. સંસારમાં અત્યારે જે કાંઇ ઘટનાઓ બની રહી છે તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું અને તદનુસાર આપણાં સાંસારિક જીવનનો નિર્વાહ કરવો એજ મનુષ્યનું પરમ કર્તવ્ય છે. મોટાં મોટાં પુસ્તકો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાંબા લાંબા ઉપદેશાત્મક ભાષણો મનુષ્યને કદિપણ આ સંસારમાં રહેવા યોગ્ય બનાવી શકતા નથી. હા, તેનાથી ઉપરના કોઇ સંસારમાં રહેવા યોગ્ય જરૂર બની શકે છે. અહિંયા કહેવાનું તાત્પર્ય એમ નથી કે મનુષ્યે પોતાના આદર્શ ઉચ્ચ ન બનાવવા; અલબત્ત માણસે પોતાના વિચારો ઉચ્ચ રાખવા, પોતાની કોમળ અને શુભ વૃતિઓનો હમેશાં ઉપયોગ કરતાં રહેવું અને સન્માર્ગમાં લાગ્યા રહેવું, પરંતુ સાથોસાથ સંસારનો અનુભવ મેળવ્યો નથી હોતો તે પરમ સદાચારી અને વિદ્વાન હોવા છતાં પણ સંસારનું કશું ભલું કરી શકતો નથી તેમજ પોતે પણ કદી સુખી રહી શકતો નથી.

એક વિદ્વાનનું મન્તવ્ય છે કે—" જીવન એક પાઠશાળા છે જેમાં સ્ત્રીઓને અને પુરૂષોને અનુભવનું શિક્ષણ આપવામાં આવે છે. કઠિનતાઓ, વિપત્તિઓ, પ્રલોભનો વિગેરે આ પાઠશાળાના શિક્ષકો છે. એ શિક્ષકોથી આપણે ગભરાવું ન જોઇએ, બલ્કે તેઓને કુદરત તરફથી નિયુક્ત થયેલા સમજવા જોઇએ અને તેઓ આપણને જે શિક્ષણ આપે તે કેવળ સાંભળી લેવુંજ એટલુંજ નહિ પણ તે હમેશાં આપણાં હૃદયમાં ઉતારી રાખવું અને તેના ઉપર મનન કરવું જોઇએ." હવે જીવનની આ પાઠશાળાનો લોકો કેટલો લાભ લે છે, સારા સારા પ્રસંગો ઉપરથી લોકો કેટલો બોધ મેળવે છે અને તે બોધનો તેઓનાં જીવન ઉપર કેવો પ્રભાવ પડે છે ? જો આપણે કઠિનતાઓ અને વિપત્તિઓ વિગેરે ઉપરથી બોધ ગ્રહણ કરીને ધીર, સાહસિક, સત્યનિષ્ઠ અને કર્મશીલ બની જઇએ તો તો આપણે એ પાઠશાળાનો પુરેપુરો લાભ લીધો એમ કહેવાય, એમાં જરા પણ સંદેહ નથી ! અને જો આપણે કાયર, અસત્યભાષી અને અકર્મણ્ય બની રહીયે તો એમજ માનવું કે આપણે તે પાઠશાળામાં બાધક બન્યા છીએ.

અનુભવ જીવનમાંજ થાય છે અને જીવનનો સંબંધ સમયની સાથે છે. એટલા માટે સમયનેજ આપણે આપણો મહાન સહાયક અને શિક્ષક ગણવો જોઇએ. જે લોકો એ સમયનો સદુપયોગ નથી કરતા અને આળસમાં બેઠાં બેઠાં તેને ગુમાવી દે છે તે નથી કાંઇ શીખી શકતા અને નથી કાંઇ કરી શકતા. યુવાવસ્થામાં આપણે સંસારને કેવળ સુખ અને ભોગનુંજ સ્થાન ગણીએ છીએ, પરંતુ જેમ જેમ સમય જાય છે અને આપણી ઉમર વધતી જાય છે તેમ તેમ આપણને ભાન થવા માંડે છે કે સંસારમાં સુખની સાથે દુઃખ પણ રહેલું છે. આપણને અનેક પ્રકારની આપત્તિઓ ઝીલવી પડે છે, હાનિયો સહન કરવી પડે છે, કઠિન પરિશ્રમ કરવો પડે છે, અને સઘળી પ્રકારની ચડતી પડતી જોવી પડે છે. એ સઘળી કઠિનતાઓથી સામાન્ય કોટિના લોકો ઘણાજ દુઃખી બની જાય છે અને માની લે છે કે સંસાર તો દુઃખનું ઘર છે. પરંતુ મોટા લોકો એ કઠિનતાઓ અને વિપત્તિઓથી ગભરાતા નથી, અને દૃઢતા તથા પ્રસન્નતા પૂર્વક સઘળી કઠિનતાઓ અને વિપત્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓની સામે થઇને પોતાના ઉદ્દેશની તરફ આગળ વધે છે, એવા લોકોને માટે કઠિનતાઓ અને વિપત્તિઓ શિક્ષકનું કામ કરે છે. એનાથી તેઓ જે કાંઇ શીખે છે તેજ અનુભવ કહેવાય છે અને એ અનુભવ ભવિષ્યની કઠિનતાઓ અને વિપત્તિઓથી તેઓનું રક્ષણ કરે છે. સંસારમાં એવા લોકોનું જીવન સાર્થક અને ધન્ય બને છે કે જેઓ સહર્ષ સઘળી વિપત્તિઓ અને કઠિનતાઓની સામે થઇને પોતાના સદાચારની પરીક્ષા આપે છે અને છેવટે સફલ-મનોરથ બને છે.

ઘણે ભાગે વિપત્તિઓ અને કઠિનતાઓ મનુષ્યની કીર્તિને અચલ કરે છે, કેમકે એ વિપત્તિઓ અને કઠિનતાઓજ મનુષ્યની કસોટી છે. મહાવીર પ્રભુ, રાજા હરિશ્ચંદ્ર, રાજા નળ અને પાંડવો વિગેરેના જીવન ઉપરોક્ત કથનની સાક્ષી પુરે છે. એટલા માટે આર્ય ક્ષેમીશ્વરે ચંડકૌશિકમાં લખ્યું છે કે—

सुखं वा दुःखं वा किमिव हि जगत्यस्ति नियतम्
विवेकप्रध्वंसाद्भवति सुखदुःखव्यतिकरः ।
मनोवृत्तिः पुंसां जगति जयिनी कापि महताम्
यथा दुःखं दुःखं सुखमपि सुखं वा न भवति ॥

**અર્થાત્**--કયું સુખ અને દુઃખ સંસારમાં નિયત છે? વિવેકનો નાશ થવાથીજ સુખ અને દુઃખ થાય છે. શ્રેષ્ઠ લોકોની મનોવૃતિ એટલી બળવાન હોય છે કે તેઓને દુઃખમાં દુઃખની અને સુખમાં સુખની ખબર પડતી નથી.

એ રીતે રાજા નળે ચાંડાલનું દાસત્વ સ્વીકાર્યું અને તેની રાણી દમયંતી દાસી થઇ. બન્ને એક બીજાના વિયોગે બહુ વિહ્વલ બન્યા, પરંતુ કદિ સદાચારનો ત્યાગ ન કર્યો. એટલે તેઓના દુઃખનો અંત આવ્યો અને તેઓએ પોતાનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કર્યું. પાંડવો ઉપર પણ ઓછી વિપત્તિઓ નહોતી પડી, તેઓને જંગલે જંગલ ભટકવું પડયું, મોટાં મોટાં દુઃખ ભોગવવા પડ્યાં, બહુ થોડીજ યુદ્ધ સામગ્રી લઇને કૌરવોની સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થયા અને અંતે વિજય પ્રાપ્ત કર્યો. વીરવર રાણા પ્રતાપ જંગલે જંગલે ભટકયા, ગુફાઓમાં છુપાતા ફર્યા તેમજ દિવસો સુધી બાળબચ્ચાં સહિત ભૂખ્યા રહ્યા અને એ રીતે ઘોર વિપત્તિઓમાં તેમણે પચીશ વર્ષ વીતાવ્યા; પરંતુ તેમણે અકબરની તાબેદારી સ્વીકારવાનો કદિ સ્વપ્નમાં પણ વિચાર સરખો કર્યો નહિ અને છેવટે વિજયમાળ પહેરીને માતૃભૂમિનો ઉદ્ધાર કર્યો. તેમને આટલી બધી કઠિનતાઓ સહન કરવા છતાં પણ સ્વાધીનતા દેવીની આરાધના કરતાં જોઇ એ અકબરને પોતાને તેમની દઢતા અને સહિષ્ણુતા આદિ સદ્ગુણોની પ્રશંસા કરવી પડી હતી. આ બધા મહાપુરૂષો ઉપર એવી ઘોર વિપત્તિઓ પડી હતી કે જેનું વર્ણન પુસ્તકોમાં વાંચીને, નાટકોમાં જોઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા તેનું સ્મરણ કરીને આજપણ પ્રત્યેક સહૃદય મનુષ્યની આંખોમાંથી આંસુઓની ધારા વ્હેવા લાગે છે. પણ જો વાસ્તવિક દૃષ્ટિએ જોવામાં આવે તો જણાશે કે તેઓએ વિજય અને કીર્તિ, કેવળ કઠિનતાઓ સહન કરીને પ્રાપ્ત કર્યા છે. જો તેઓના ઉપર આવી વિપત્તિઓ ન પડી હોત, તેઓની આટલી બધી કસોટી ન થઈ હોત તો તેઓના સદ્ગુણોનો આટલો બધો વિકાસ થઇ શકત નહિ.

જે લોકો વીર અને સામર્થ્યવાન હોય છે તેઓ કદિપણ વિપત્તિઓ અથવા કઠિનતાઓથી ગભરાતા નથી, એટલુંજ નહિં પણ તેઓ તે બધાની સામે થઈને આગળ વધ્યા કરે છે અને જીવન નિવાહનો એજ સર્વશ્રેષ્ઠ પ્રકાર છે. સંસારમાં આજસુધીમાં જેટલા મહાન્ પુરૂષો થઇ ગયા છે તે બધાને ભીષણ કઠિનતાઓ સહવી પડી છે અને ઘોર પરિશ્રમ કરવો પડ્યો છે. કઠિનતા અને પરિશ્રમ એ બન્ને વસ્તુઓ એવી છે કે જે મનુષ્યને ખરેખરૂં બળ આપે છે, તેના ગુણોનો વિકાસ કરે છે અને તેની કીર્તિને અટલ તથા અચલ બનાવે છે. પવિત્ર અગ્નિ ઉત્પન્ન કરવા માટે લોઢાના કટકાને ચકમકના સાથે બળથી ઘસવો પડે છે, ઘણે ભાગે કેતુઓ ગ્રહણ સમયે દેખાય છે, સોનાની કાન્તિ તપાવવાથીજ વધે છે, એવી રીતે મનુષ્યની શકિતનો પરિચય પણ વિપત્તિકાળમાંજ થાય છે. જો સંસારમાં વિપત્તિઓ અને કઠિનતાઓ ન હોત તો આજ મહાત્માઓ અને મહાન્ પુરૂષોની એટલી બધી મોટી સંખ્યા થઈ હોત કે આપણે ગણી પણ ન શકત. ( ચાલુ )

# જીવ, મન, અને ઇંદ્રિયોના સંલાપરૂપ કથા.

( ગતાંક પૃષ્ટ ૧૪ થી શરૂ. )

વિકટ આપદાઓથી વ્યાપ્ત અપરાધ યુકત અને લાખો કુજન્મોને પ્રગટાવનાર એવી **ચિત્તવૃત્તિ નામે** મહા અટવી છે, ત્યાં ત્રિભુવનને ક્ષોભ પમાડનાર તથા જ્ઞાનાવરણીયાદિ સાત માંડલિક રાજાઓથી વિશેષ શોભનાર એવો [1]**મહામોહ** નામે નરપતિ છે. તેના અર્ધાસને બેસનાર **મહામૂઢતા** નામે તેની પટરાણી છે. ત્રણ લોકને દમન કરવામાં વિક્રમ ધરાવનાર એવા તેણીના બે પુત્રો છે. તેમાં પ્રથમ **રાગ–કેસરી** નામે **રાજસ–ચિત્ત** નગરનો સ્વામી છે અને બીજો **દ્વેષ–ગજેંદ્ર** નામે **તામસ–ચિત્ત** નગરનો સ્વામી છે, **મિથ્યાદર્શન** નામે મંત્રી તે મોહમહીપતિનું રાજ્ય ચલાવે છે. વળી **મદ, ક્રોધ, લોભ, મત્સર, મન્મથ** પ્રમુખ ત્યાં સુભટો છે.

૧ અહીં મોહની કર્મને નરપતિ ગણી છુટો પાડયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એકદા **ચિત્ત-વિક્ષેપ** નામના મંડપમાં **વિપર્યાસ** નામના ઉન્નત આસનપર તે **મોહ** મહારાજા બેઠો છે. એવામાં **મિથ્યા**દર્શન મંત્રીએ વિનય પૂર્વક તેને નિવેદન કર્યું કે–' હે દેવ ! આપણા કટકમાં અત્યારે બહુજ વિપરીત વર્ત્તન ચાલી રહ્યું છે. **ચારિત્ર-ધર્મ** નામે રાજાનો **સંતોષ** નામે [1]**ચરટ** તે, **વિવેક**–પર્વતપર આવેલ જૈન નગરમાં તમારા લોકોને લઇ જાય છે.' એમ સાંભળતાં મોહરાજા કોપાયમાન થયો. એટલે **રાગ**–કેસરી કુમારે તેને કહ્યું—" હે દેવ ! અલ્પ કામને માટે આટલો બધો ગુસ્સો કરવાની શી જરૂર છે ? કારણ કે **વિષયાભિલાષ** નામે મારો મંત્રી છે, તેના ઇંદ્રિયોરૂપ બાળકો છે. જગતને જગાડનાર એ બાળકો તમારી કીર્ત્તિ વધારશે. એ જ્યાં સુધી ધાડ નથી પાડતા, ત્યાં સુધીજ સંતોષ પોતાનું બળ બતાવે છે. અને વળી એ બાળકોને નિરંતર સહાય કરનારા કષાયો પોતે છે. સંતોષ–ચરટ, જે આપણા લોકને ઘસડી જાય છે, તેને બલાત્કારથી પાછા વાળવાને એમાંનો એક એક બાળક પણ સમર્થ છે, તો હે નાથ ! એ પાંચની શી વાત કરવી ? માટે હે દેવ ! એમને સત્વર આજ્ઞા કરો, કે જેથી સંતોષ જૈનપુરમાં આપણા લોકને જે લઇ જાય છે, તેમને એ બચાવશે."

પછી મોહ રાજાએ કહ્યું—' એ યુક્ત વાત છે ' એમ કહીને તેણે ઇંદ્રિય–બાળકોને તે કામમાં નિયુક્ત કર્યા, એટલે પુન: વિમર્શ બોલ્યો—' હે વિચક્ષણ દેવ ! સંતોષને પરાભવ પમાડવા માટે એ માર્ગજ સલામત સમજી લ્યો.' ત્યારે પ્રકર્ષ બોલ્યો—' હે દેવ ! વિમર્શની એ સલાહ સાચી છે.' એવામાં મન–મંત્રીએ જણાવ્યું—' હે દેવ ! હું શું આપને ખોટું કહું છું ?' એટલે ઇંદ્રિયોએ કહ્યું—" હે દેવ ! હવે અમારે પણ કંઇક વિનંતી કરવાની છે." આત્મા રાજાએ કહ્યું—' ભલે, નિવેદન કરો.' ત્યારે સ્પર્શનેંદ્રિયે જણાવ્યું—

" હે સ્વામિન્ ! અમને કોઇવાર તમારૂં દર્શન પણ થયું નથી. તો ગુણ–દોષ કોની આગળ કહીએ ? મન–મંત્રી અમને જ્યાં નિયુક્ત કરે છે તે કર્મ અમે કરીએ છીએ. અમે પોતાની મેળે કદાપિ કોઇ કર્મમાં પ્રવર્ત્તતી નથી. જો મન અમારી પાસે ન હોય, તો કર–સ્પર્શ માત્રને પણ અમે બહુ માની લઇએ છીએ. તમારા વાહનરૂપ દેહને પોષવા માટે આસક્તિ અને દુષ્ટતા લાવ્યા વિના તમારી આજ્ઞા પ્રમાણે સ્પર્શાદિ વિષયોમાં અમે પ્રવર્ત્તીએ છીએ. તેમાં જે રાગ–દ્વેષ જાગ્રત થાય છે, તે મનનું માહાત્મ્ય સમજવું. જો મન નિરૂદ્ધ થઇ જાય તો અમારો વ્યાપાર અટકી પડે, વળી મન નિરૂદ્ધ થયા છતાં જો એક પણ ઇંદ્રિય પોતાનો વ્યાપાર ચલાવે, તો એ દોષને માટે હે દેવ ! મારો નિગ્રહ કરજો. જેમ ચપળ સ્વભાવી મર્કટ ( વાનર ) ભિન્ન ભિન્ન વૃક્ષપર રમ્યા કરે છે, તેમ મન પણ અન્ય અન્ય વિષયમાં રમે છે, એ ક્યાંઇ એક સ્થાને પ્રીતિ બાંધતું નથી અને હે પ્રભુ! એ તમને નરકના ઉંડા ખાડામાં નાખે છે. જો કે દારૂણ રાક્ષસની જેમ એ સર્વ વિષયોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરંતર પ્રવર્તે છે, તથાપિ તૃપ્તિ પામતું નથી. વળી અમને વિષયાભિલાષના બાળક કહીને દુર્મુખ મન-મંત્રીનો દોષ જે અમારાપર નાખ્યો, તે અમારો દોષ નથી. હે પ્રભુ ! અમે તમારી સાથે રહેવાને ખુશી છીએ. મનના સંકેત પ્રમાણે રાગ-કેસરી કુમાર, રાજ્યની ચિંતા અવશ્ય કરશે, હે દેવ ! દુર્મંત્રી પોતાના રાજાના ગુણોને દૂષિત બનાવે છે. કારણ કે કડવી તુંબડીનું એકજ બીજ પણ ઘણા ગોળને ખરાબ કરે છે. ”

એમ સ્પર્શનેંદ્રિયનું કથન સાંભળતાં ભયથી કંપતું મન કહેવા લાગ્યું—“ હે મહારાજ ! ઇંદ્રિયોનો કંઇ અપરાધ નથી, તેમ મારો પણ અપરાધ સમજશો નહિ; પણ પૂર્વે કરેલ શુભાશુભ કર્મોજ, તમને સુખ-દુઃખનો દંડ આપે છે. તો તમે બીજાઓ ઉપર શામાટે રોષ લાવો છો ? સર્વ કોઇ પૂર્વે બાંધેલ કર્મનો વિપાક અવશ્ય પામે છે. તેમાં અપરાધ કે ગુણમાં અપર તો નિમિત્ત માત્ર થાય છે. એ જિનાગમનો સાર છે. કર્મ ન કરતાં પણ કોઇ તે ભોગવે છે. એ કર્મના અચળ કાયદાને કોણ લોપી શકે ? માટે તે કર્મ ભોગવતાં અજ્ઞ જન શામાટે આકુળ થાય છે ? ” એમ જિનમતની ઉક્તિ અને અનેક પ્રકારની યુક્તિઓ બતાવીને મન-મંત્રી મૌન રહ્યો. એવામાં કટિબદ્ધ થઈ, અભિમાન લાવીને સ્પર્શનેંદ્રિયે જણાવ્યું કે—

“ હે સ્વામિન્ ! એક મનજ દુઃખનું કારણ છે. તમારા પૂર્વકૃત કર્મને જે એણે દુઃખના નિમિત્તરૂપ બતાવ્યા, તે કર્મ કરવામાં પણ એક મનજ મુખ્ય કારણ રૂપ બતાવેલ છે, કારણ કે બધા વ્યાપારમાં મનનો વ્યાપાર મોટામાં મોટો છે, કે જે તંદુલ-મત્સ્યને સાતમી નરકે પહોંચાડે છે. ” ત્યારે મન બોલ્યું—“ જો એમ હોય, તો દુઃખના કારણરૂપ ઇંદ્રિયો છે, કર્મ નથી, કે જે ઇંદ્રિયના વશથી, ઘૃતથી સિંચાયેલ અગ્નિની જેમ કંદર્પ ઉદ્દીપ્ત થાય છે, કારણ કે—તિલોત્તમાના રૂપમાં વ્યામોહ પામતાં બ્રહ્માએ ક્ષણવાર પોતાનાં ચાર મુખ બનાવ્યાં શંકર પાર્વતીને અર્ધાંગપર ધારણ કરે છે તથા મન્મથના વશથી પુરંદર પ્રિયા ( ઇંદ્રાણી ) ના પગે પડયો અને ગોપાંગનાઓએ કૃષ્ણને ગોકુળના આંગણે નચાવ્યો, એમ કવિઓએ ઇંદ્રિય વર્ગનો વિલાસ વર્ણવી બતાવ્યો છે. ”

એવામાં સ્પર્શને કહ્યું—“ કામને વશ થયેલા બ્રહ્માદિક જે અપયશ પામ્યા, તેમાં કામનું કારણ તો મનજ સમજવું. ” આથી મન કોપાયમાન થઈને બોલ્યું કે—“ હે આત્મન્ ! જો તને કલ્યાણની ચાહના હોય તો બધી ઇંદ્રિયોમાં ચોર અને વધ્ય એક સ્પર્શનનેજ બાંધી લ્યો ’ ત્યારે સ્પર્શને જણાવ્યું-હે પ્રભુ, એક મનેજ શામાટે બાંધો છે ? હું તો સદા સ્નિગ્ધ થઇને રહું છું આ રસના ચપલ

For Private And Personal Use Only

અને લોલુપી છે કે જે મિષ્ટ ભોજન જમે છે, વળી ભક્ષ્યાભક્ષ્ય કે પેયાપેયની એ એ વિચારણા પણ કરતી નથી, માટે ખરી રીતે તો એક રસનાજ મારા વિકારનું કારણ છે.'

એમ પરસ્પર મન અને ઇંદ્રિયોનો કલહ થતાં આત્મ–રાજા બોલ્યો—" હે નિષ્ઠુર ! શાંત થાઓ, વિવાદ શામાટે કરો છો ? ભવોભવ મેં આટલો કાળ તમારો સંસર્ગ કર્યો કે કદાચ તમારામાં પ્રશમગુણ આવશે, પણ તે તો લેશ પણ તમારામાં દેખાતો નથી. વળી તમારા દુષ્ટ આચરણોથી ભવ–અટવીમાં નિરંતર ભમતાં હું જે જે દુઃખ પામ્યો, તે તો સાંભળો—હવે આત્મરાજા પોતાની કથા કહે છે તે આવતા અંકમાં આવશે. ——ચાલુ.

# *જૈનોની જૈનો પ્રત્યે ફરજ.

( વાડીલાલ મોહોકમલાલ શાહ બી. એ. )

આ અવનિની અંદર મનુષ્ય માત્રનો જન્મ તેની મનુષ્ય તરીકેની સઘળી ફરજ અદા કરવા માટે જ થયેલો છે, અને તે મનુષ્યનો જન્મ જો પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ જાય તો જન્મ પણ નિષ્ફળ ગયો સમજવો. દુનીયાની અંદર વસતા મનુષ્યોને બે મ્હોટી અને આવશ્યક ફરજો અદા કરવાની છે, તેમાંજ પોતાનું જીવન અહોભાગ્ય સમજવાનું છે, અને તેમાંજ પોતાનું સઘળું ડહાપણ વાપરવાનું છે. તેમની પહેલી ફરજ તેમના ધર્મ પ્રત્યેની, અને બીજી ફરજ તેના દુનીયાની અંદર વસતા સઘળા ભાઈયો પ્રત્યેની. જ્યારે મનુષ્ય આખી વસુધાને કુટુંબવત્ માને, પરપ્રાણી પીડા પોતાના પ્રાણની પીડા માફક માને, પારકાનું ભુંડુ એ પોતાના આત્માનું વધારે ભુંડુ માને, અને પારકાના અવગુણ દેખી તેની નીંદા ન કરતાં તેના અવગુણને ઢાંકતા અને ગુણગ્રહણ કરતાં શીખે ત્યારે મનુષ્ય પોતાની માણસ તરીકેની તેના ભાઈયો પ્રત્યેની ફરજ અદા કરે છે એમ કહેવાય. ધર્મ માટે પણ તેવુંજ. જ્યારે મનુષ્ય પોતાના ધર્મને તેના પ્રાણ કરતાં પણ અધિક માને, દુનિયાની ઐહીક વાંચ્છનાઓને ધર્મ કરતાં કંઇકગણી ગૌણ કરી નાખે, સહધર્મી પ્રત્યે પૂર્ણ પ્રેમ અને ભ્રાતૃભાવથી જુવે, તેને જોતાંજ હૃદયમાં સાચા સ્નેહની છોળો ઉછળે, સાધર્મીસેવા કરવી એ પોતાની પહેલી ફરજ માને ત્યારે તેની ધર્મ પ્રત્યેની ફરજો તે અદા કરી શકે. પણ આ બધી મ્હોટી મ્હોટી વાતો લાગશે. દુનિયા હજી આટલો મ્હોટો કહેવાતો ભાર ઉપાડવાને કેળવાઇ નથી. એક દેશ, બીજા દેશની પ્રત્યેની શી ફરજ છે તે સમજતો નથી અને એક જાતના મનુષ્ય, બીજી જાતના મનુષ્યનું ભલું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું એ હલકાઈ સમજે છે. હજી મનુષ્યની માનસિક શક્તિયોનો આત્મવિકાસ થયો નથી અને તે હજુ પોતાના આત્માને પણ ઓળખી શકતો નથી. હજુ આખી દુનિયાનો ભ્રાતૃભાવ થવાની ઘણી વાર છે. એ ભ્રાતૃભાવ પેદા કરવા માટે કંઇક વીરોને મરણની વેદીમાં હોમવા પડશે અને કંઇ કંઈ જોખમ વહોરી લેવા પડશે. આ ભ્રાતૃભાવ પેદા કરવા માટે પ્રથમ સોપાન રૂપે એક જાતીમાંજ ભ્રાતૃભાવ પેદા કરવો આવશ્યક જણાશે. અને વળી એક જાતિ ને સહધર્મી હોય તેને માટે તો આ ભ્રાતૃભાવ ઘણોજ આવશ્યક જણાશે. કારણ કે આવી જાતીમાં ભ્રાતૃભાવ ન હોય, એક બીજાની શી ફરજ છે તે એ કોમ સમજતી ન હોય તો તે કોમને પણ વાંધો આવે. અને સાથે તેમના સમાન ધર્મને પણ વાંધો આવે. આવી એક કોમ તે ભારત વર્ષમાં વસતી જૈન કોમ છે.

જૈનો એટલે એકજ દેશમાં વસતા, લગભગ એકજ ભાષા બોલતા, અને એકજ ધર્મ પાળતા મનુષ્યો એટલે તો તેમને પરસ્પર ફરજ બજાવ્યા સિવાય ચાલેજ નહી. પોતાની કોમનું ભલું ઇચ્છવું હોય, પોતાના ધર્મ પ્રત્યે માનની દ્રષ્ટી સર્વત્ર કેળવવી હોય, પોતાના ધર્મની ઉત્કૃષ્ટતા જગતના ચારે ખુણામાં સાબીત કરવી હોય તો જૈનોએ જૈનો માટે પોતાનાથી બનતું સઘળું કરવું જોઇયે. તેમની સંપૂર્ણ ફરજ તો ત્યારે અદા થઇ કહેવાય કે જ્યારે પોતાના સહધર્મી ભાઇ માટે કોઇ પણ કટોકટીના સમયે પ્રાણ પાથરવા પડે ત્યારે પણ અડગ રહી પોતાના પ્રાણ અર્પે. એ જૈન તે વાસ્તવિક રીતે જૈન નથી કે જે પોતે રાતદીન મોજશોખમાં હજારોનું પાણી કરે અને પોતાના ગરીબ સહધર્મી ભાઇ માટે એક પાઇની પણ મદદ ન કરે, પોતે ધર્મ કરે નહી અને બીજાને ધર્મ આદરવાની સગવડ પણ ન કરી આપે, અરે ! ધર્મીની અનુમોદના પણ ન કરે. જૈન તો એ કહેવાય કે જેના શરીરમાં, પોતાના ભાઇયોની અવદશા નિહાળી, અગ્નિ સળગે અને હૃદયમાં કારી ઘા પડે.

હવે આવો જૈન બીજા તેના સહધર્મી માટે શું કરી શકે તે જોઇયે.

અત્યારના સમયમાં મનુષ્યને કમાવાના સાધન તુટી પડતાં જરાએ વાર લાગતી નથી અને પછી ફરીથી તે સાધન ખોળતાં ઘણીજ વાર લાગે છે. તેમાં વળી પહેલીજ વાર નોકરીયે બેસતો, અથવા ગુમાસ્તા તરીકે કામ કરવાની ઇચ્છાવાળાને, તેવી જગ્યાઓ જલદી મળી શકતી નથી. પોતે ઘરના સાધારણ હોય, લાવે તોજ ખાય:એવી સ્થીતિ હોય અને ઘરમાં બીજું કોઈ કમાનાર હોય નહી ત્યારે આ કુટુંબની કેવી શોચનીય દશા થાય તેનો જરાએ વીચાર આવે છે ? આવું કુટુંબ દુઃખનું માર્યું પોતાના ધર્મને પણ તેની અગણિત ચિંતાઓમાં ભૂલી જાય અને જૈનોને ન છાજતા ધંધા એટલે જૈનો માટે બાધ આવે એવા ધંધા કરી પોતાનું જીવન ગુજારવા લલચાય, ધર્મને વિસારે, અને કોઇ વખત એવો આવે કે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે જો કોઈ જૈનેતરની તેને મદદ મળે તો જૈન ધર્મને છોડી દેવાનું પણ મન થાય કારણ એના મનમાં એમ સહેજ આવે કે મારા બાર લાખ ભાઇઓમાંથી કોઈએ પણ પૈસાની તો નહી પણ પૈસા કમાવાના સાધન ખોળી આપવાની પણ મદદ ન કરી. એટલે આપણા સઘળાની આવા રીબાતા સહધર્મી ભાઇઓને કુલ નહીતો કુલની પાંખડી પણ મદદ કરવાની પહેલી ફરજ છે. આપણા ઘણાએ ધનિક જૈનો મ્હોટી મીલો કારખાનાઓ, પેઢીઓ વગેરે ચલાવે છે જેમાં સંખ્યાબંધ મનુષ્યો કામ કરે છે, જ્યારે આપણા કેટલાક જૈનો નોકરી વિના અથડાય છે. આવા શેઠીયાઓની એ પ્રથમ ફરજ છે કે પહેલાં તેમને તેમના જૈનભાઇઓને પોષવા અને તેથી વધે તોજ બીજાઓને દાખલ કરવા. જૈનભાઇયોની ઘણી મીલો ચાલે છે છતાં કોઇપણ મીલમાં જૈનોની ભરતી નહી જડે. કોઇ પણ સંસ્થા કે જે આપણા જૈન ભાઇયોના હાથ નીચે ચાલતી હોય ત્યાં જૈનોને પહેલો આશ્રય આપવોજ જોઇયે. જેમ ધર્મનું આપણે ઘણું સન્માન કરીયે તેમ ધર્મીનું પણ સન્માન કરવું જોઇયે, અને તેમને સુખી કરવાજ જોઇયે. જે માણસ ધનથી મદદ કરવાની શકતી ધરાવતો નહોય તે પોતાના મનથી અગર તનથી સેવા કરી શકે છે ! પરંતુ હરકોઇ ઉપાયે પણ પોતાની પાસે આવેલા ગરીબ ધર્મીભાઇને નિરાશ તો નજ કરે. આવી રીતે દરેક જૈન સહધર્મીની સેવા અવશ્ય કરે. આ તેની જૈનો પ્રત્યેની જૈન તરીકેની પહેલી ફરજ છે.

જૈનોની બીજી ફરજ જૈનભાઇયો માટે પાઠશાળા, સ્કુલો વિગેરે સ્થાપવાની છે. આ સવાલ અત્યારે ઘણોજ મહત્વનો થઇ પડયો છે. અને જૈન પેપરોમાં આ વાત હંમેશા ચર્ચાય છે. આપણે પહેલાં જૈન પાઠશાળાઓની ઉપયોગિતા જોઇયે. જૈન પાઠશાળા એટલે આપણી ધાર્મિક પ્રવૃત્તિનું ખાસ અંગ, આપણી જરૂરીયાતની પ્રગતિ, જૈનત્વ પોષવા માટે એક જબરજસ્ત વાજીંત્ર, આપણા જૈન બાળકો રૂપી કુમળા છોડને ઉગાડવા માટે અને તેમની સુરભિ દુનિયાના ચારે ખુણે ફેલાવવા માટે ઉત્તમમાં ઉત્તમ સીંચનનું અદ્વિતીય સ્થાન. જૈન પાઠશાળા એટલે જૈનોનું અને જૈનધર્મનું અમરત્વ, અને જૈન ધર્મની દિનદિન વૃદ્ધિ. જૈનો જૈન માટે જો કોઈ પણ વહાલામાં વહાલી વસ્તુ આપે તો તે ધર્મ છે. આ વસ્તુજ એવી છે કે ધર્મદાન કરનાર મનુષ્યમાં ધર્મની વૃદ્ધિજ થતી જાય, અને તેને એકાન્તે લાભ થાય. ધર્મદાન એટલે ધર્મના જ્ઞાનનું દાન એટલે આનાથી કયું દાન વધારે ઉત્કૃષ્ટ હોઇ શકે ? પણ શોચનીય વાત છે કે આપણે આપણું નૂર, આપણી પાઠશાળાઓની અવદશા આણવામાં બાકી નથી રાખી. અત્યારે ઘણી ખરી જગ્યાઓએ પાઠશાળાઓ અને શ્રાવિકાશાળાઓ અસ્તિત્વ ધરાવે છે, પણ કાંતો તેઓનું અસ્તિત્વ નામમાત્રથી હશે કાંતો વિદ્યાર્થીઓના અભાવને લઈ પાટીયા ઉપર ધૂળના ઢગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાઝયા હશે કાંતો પૈસાની સંકડામણને લઇ તુટવાની તૈયારીમાં હશે. આપણા બાળકોને જૈનધર્મના પ્રથમ સૂત્રો ન આવડે, દેવ ગુરૂ ધર્મની જરાએ ઓળખ ન હોય તે તો આખી જૈન કોમને ચોંકાવનારૂ છે. જે કોમ આટલી પૈસાદાર, વાણીજ્યમાં આટલી બધી સમૃદ્ધ, ધર્મને માટે પ્રાણ પાથરનારી, તેનાજ બાળકો જૈન ધર્મથી અજાણ હોય તો તે કોમની શી સ્થિતિ થવાની અને તેના અંગોની શી વ્યવસ્થા કરાવાની. " આપણો સમાજ બીજા કેટલાક ફંડોમાં કીર્તિની માળાના લોભે કહો યા શરમને લઇને કહો, હજારો રૂપીયા આપે છે, પણ પહેલાં ઘર સાચવો, પ્રથમ ઘરની આગ બુઝાવો. શાસનની સાચી આશાઓ બાળક છે. દરેક જગ્યાએ પાઠશાળાઓની તો ખાસ જરૂરીયાત છે. ધર્મજ્ઞાન વિના કશુંજ નથી. આપણા બાળકોના સંસ્કારો, તેમની ભાવનાઓ ઘડવાનું પ્રથમ કેંદ્રસ્થાન પાઠશાળાઓજ છે, પણ તેને ક્યારે પોષશો " ?

વળી જૈનો માટે ત્રીજી ફરજ જૈન સ્કુલો સ્થાપવાની છે. આ સ્કુલમાં ધાર્મિક અભ્યાસની સાથે વ્યવહારિક અભ્યાસ ઉપર એટલે હાલના માધ્યમિક શિક્ષણ ( Secondary Training ) તરફ ખાસ લક્ષ આપવું જોઇયે. અત્યારે આંગળીને વેઢે ગણાય તેટલી જૈન હાઇસ્કુલો છે. તેમાંએ પહેલી ખોડ તો મકાન બાબત નીજ જોવામાં આવે છે. વળી ફંડની અગવડતાને લઇને સુશિક્ષિત શિક્ષક વર્ગ પણ રોકી શકાતો નથી, એટલે પરિણામમાં શિક્ષક અને શિષ્યો વચ્ચે ભેદ પડે અને બન્નેના પરસ્પર આચાર જાળવવામાં શિથિલતા આવી જાય. આ બધી ભૂલો આપણે સુધારવી જોઇયે. આપણી હાઇસ્કુલોને આપણે બીજી હાઇસ્કુલો માટે આદર્શ બનાવવી જોઇયે. જૈન બાળકો જૈનો પાસે ઘણુંજ માગે છે પણ ઘણું થોડું જ મળે છે. અત્યારે સંસ્થાઓને ઉભી કરનારાઓ કરતાં તોડનારા વધારે જોવામાં આવે છે. કોઈપણ આશયથી પ્રેરાઇ, બીજા કોઇ કરે તેના ઉપર સુધારણા કરવા કરતાં, મૂળજ કાપી નાખવું એ અત્યારે કેટલાકને ઇષ્ટ ગણાય છે. સાસનદેવ તેમને સન્મતી આપો ! જૈનો જો સાચા હૃદયથી જૈનો માટે કાંઇ પણ કરવા માગતા હોય તો પહેલાં તો તેમની દ્વેષ બુદ્ધિને સદાને માટે દેશવટો દેવો પડશે, કાનને ઉઘાડવા પડશે અને જીભને વશ કરવી પડશે. સેવા કરાવવી તેના કરતાં સેવા કરવી એ વધારે કઠણ છે, ઘણી જોખમ ભરેલીછે અને તેમાંતો સહન શીલતાનું જ કામ છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે સેવાધર્મ એ પરમગહન છે અને યોગીઓને પણ તે દુષ્કર હોય છે. શાસન સેવા અર્થાત્ મહાવીરના પુત્રોની મહાવીરના પુત્રો પ્રત્યે સેવા કેટલી કઠિન હોય એનો ખ્યાલ સુજ્ઞ પોતેજ કરી લેશે. ન્હાની ન્હાની બાબતો માટે લઢીશું, માહોંમાહે એક બીજાનું કાપીશું, એટલે તો કોઇ પોતાની ફરજ અદા કરતો હશે તેને પણ ઓછું તો આવશેજ. ભલે જૈનો જૈનોની સેવા કદાચ અશક્તિને લઇ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકે તો બહેતર છે કે મુંગું રહેવું પણ સેવા કરનારને તોડીપાડવાનો, અગર હલકા પાડવાનો તો લેશમાત્ર પણ વિચાર ન હોવો જોઇયે. "વાતો કરવામાં, નિંદા કરવામાં, અગર સમાજને વગોવવામાં તમારો ઉપયોગ ન કરશો. આ પ્રગતિના જમાનામાં સહનશીલ, સાચા નેકીલા ટેકીલા, શાસન સેવકોની ખાસ આવશ્યકતા છે" અને તે સેવા કરતાં પ્રસંગ પડે શીર પણ ઝુકાવવાનું છે માટે અજ્ઞાન તિમિર ને ભેદી જ્ઞાનાંજનથી ચક્ષુને પવિત્ર કરો. શાસન સેવા કરવા આગળ આવો એજ યુવક હૃદયની ઝંખના. અસ્તુ.

## આદર્શ શિક્ષક.

વિદ્યાર્થીઓના અથવા બાળ જીવનના સાચા ગુરૂ તેના શિક્ષક છે. બાળકોને શૈશવ કાળમાં શિક્ષક દ્વારા જે શિક્ષા આપવામાં આવે છે તેનો પ્રભાવ દીર્ઘકાળ સ્થાય રહેવા પામે છે. જો કે વર્તમાન કાળમાં અલ્પ સમયજ પાઠશાળામાં વ્યતીત કરાવાય છે, છતાં તેટલા સમયમાં ઉચ્ચ ચારિત્ર બાળકોના જીવનપર કોઇ જુદીજ છાપ પાડે છે તેથીજ શિક્ષકનું સ્થાન મ્હોટું મહત્વશાળી કહી શકાય છે.

બાળકોને, અજ્ઞાન માતાપિતા તરફથી જેટલી હાનિ પહોંચે છે તેથી અધિક હાનિ શિક્ષકોની બેપરવાઇ અને ઉદાસીનતાથી પહોંચે છે એ સ્પષ્ટ વાત છે. ખરી રીતે સુંદર અભ્યાસની વ્યવસ્થાના પરિચાલન માટે યોગ્ય કર્તવ્યપ્રેમી શિક્ષકોની સંપૂર્ણ આવશ્યકતા છે—

આ સ્થળે આદર્શ શિક્ષકના વિષયમાં પરિપકવ જ્ઞાનવાળો હોય, બાળકોને અભ્યાસ કરાવવામાં ઉચિત પદ્ધતિનો જાણકાર હોય, અને બાળકોના કલ્યાણમાં રકત મનવાળો હોય, તે સારા શિક્ષકની પંક્તિમાં મૂકી શકાય છે. આ ગુણમાંથી એકપણ ગુણનો અભાવ હોય તો તે શિક્ષક કોઇ કાર્યમાં કોઇ દિવસ ફળીભૂત થઇ શકતો નથી. શિક્ષક સ્વવિષયમાં ઉત્તીર્ણ હોવો જોઇએ પણ એથી અધિક વાત તો એ છે કે, શિક્ષક વિદ્યાર્થીઓને કેવળ ગોખણપટ્ટીજ કરાવે અને એટલામાંજ પોતાની ફરજ અદા થાય છે એમ માને તો તેમની ભૂલ છે. આદર્શ શિક્ષક થવા માટે ઉમેદવારી ધરાવતો હોય તેને નીચેનો ક્રમ ખ્યાલમાં રાખવાની આવશ્યકતા છે. તે વિદ્યાર્થી શું અભ્યાસ કરે છે ? તે કોઇ બીજાને અભ્યાસ કરાવે છે કે નહિં અને તે કેવો ક્રમ ગોઠવે છે એ વાતપર લક્ષબિન્દુ રાખવું જોઇએ. જેથી પોતાના અધિકારની સફલતા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિપુણ અધ્યાપકનો બીજો ગુણ એ છે કે વિદ્યાર્થીના શરીર, મન અને મગજને સર્વ પ્રકારે ઉન્નત બનાવવાનું ચિન્તવન હોવું જોઇએ. વિદ્યાર્થી વાંચનના શોખમાં કોઇ ખરાબ પુસ્તકના કીડારૂપ તો બન્યો નથી ને ? કેમકે એવા પુસ્તકોના પરિશીલનથી શરીરનો કાળ નષ્ટ થાય છે. બીજી બાજુ વાસ્તવિક રીતે મનની પુષ્ટતા એમના વિકાસ અને અભ્યાસનો પાયો છે, જ્યારે મન ચલાયમાન થાય છે ત્યારે સુંદર અભ્યાસ પણ નાશ પામે છે. માટે વિદ્યાર્થીઓના શરીર પર શિક્ષકોએ ખાસ ધ્યાન રાખવું જોઇએ, જેથી ઉત્તરોત્તર મનોવિકાસ વધતો જાય.

શિક્ષકો માટે ત્રીજું લક્ષ્ય રાખવાની વાત એ છે કે વિદ્યાર્થીઓ સર્વદા પ્રસન્ન ચિત્તવાળા, ઉત્સાહપૂર્ણ હૃદયવાળા ને પાઠશાળામાં નિયમિત હાજરી આપે તેવી વૃત્તિવાળા થવા જોઇએ. આગળ વધવાની કક્ષાના પ્રાણ તેના અધ્યાપકો હોય છે. શિક્ષકની સજીવતાથી તેની કક્ષામાં જીવન ઉત્સાહ સ્ફુર્તિ દેખાય છે, પણ જો શિક્ષક મહોદય બેદરકાર કે નામર્દ હોય તો તેના વિદ્યાર્થીઓ આગળ વધી શકતા નથી. વર્તમાન કાળની સ્કુલોમાં જઇને તપાસ કરશો તો આવા શિક્ષકોથી લાભ કરતાં અધિક હાનિ થયાનું દૃષ્ટિપથમાં પડશે. ને તેવા અધ્યાપકના સહવાસથી વિદ્યાર્થીઓએ જ્ઞાનોપાર્જન કરવું તો દૂર રહ્યું, પરંતુ પોતાના કર્તવ્યના મૂળને સમજ્યા વગર સ્કુલની મર્યાદાને બગાડી મારે છે, માટે નામર્દ શિક્ષકે તો પ્રથમ પોતાની જાતિને સુધારવાની પરમ આવશ્યકતા છે. આ પ્રમાણે થવાથી પોતાની પાઠશાલાના કાનુનોની રક્ષા થશે, પોતાની આગળ અધ્યયન કરતા બાળકોના હૃદયમાં ઉત્તમ પ્રકારના ગુણો ખીલશે અને અધ્યાપક તરફ સાચી શ્રદ્ધા અને સન્માન પ્રકટ થશે. આથી વિદ્યાર્થી વિદ્યા સંપાદન કરવામાં પ્રમાદ વિનાનો બનશે.

વસ્તુસ્થિતિ એ અધ્યાપક જ્યારે આ સર્વ ગુણોની આદર્શ મૂર્તિ બને છે ત્યારે વિદ્યાર્થી તેના પ્રતિબિંબ સ્વરૂપ થઇ પોતાની વાસ્તવિક ઉન્નતિ કરી શકે છે.

શિક્ષકના વિષયમાં જે વાત ધ્યાન દેવા યોગ્ય છે તે પૈકીની એક એ વાત છે કે શિક્ષક પોતાના વિદ્યાર્થીઓના સ્વભાવનો પુરેપુરો જ્ઞાતા હોવો જોઇએ. આ સંબંધમાં આગળ લખી ગયો છું છતાં તે મહત્વના વિષયમાં અધિક લખાય તો અયોગ્ય નથી. શિક્ષક પોતાની કળામાં જો નિપુણ ન હોય તો સમાજને વિવિધ પ્રકારની હાનિ પહોંચે છે, સમાજના ભાવિ રત્નો ફુલની કળીની પેઠે કરમાઈ જાય છે, આના જેવી ત્રુટીના પરિણામે ભાવિ જનબળની સંપૂર્ણ ક્ષતિ થાય છે માટે શિક્ષકગણ વિદ્યાર્થીઓની પ્રકૃતિને અનુસરી અધ્યયન કરાવવા મથે તો વિદ્યાર્થીઓનું જીવન સુધરે, સમાજના અંગબળમાં પુષ્ટતા આવે, આ ફલપ્રાપ્તિ માટે શિક્ષા પદ્ધતિનું પરિવર્તન કરવાની આવશ્યકતા છે. આ સઘળા દોષને લીધે શિક્ષકોએ પોતાના ધર્મથી પરાઙમુખ થવાની જરૂર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષક જ્યારે પાઠગૃહમાં અધ્યયન કરાવવા આવે ત્યારે તેના મુખારવિન્દ પર પ્રેમાળ કુલતા અને મધુહાસ્યની રેખા પ્રચૂર દેખાવી જોઇએ. પ્રેમથી કે સહાનુભૂતિથી શૂન્ય શિક્ષક, તે શિક્ષકની સંજ્ઞાને પણ લાયક નથી તેમ તે કોઈ દિવસ આદર્શ શિક્ષક કહેવરાવવાને શકિતમાન નીવડતો નથી. જે અધ્યાપક આશ્રિત વિદ્યાર્થીઓને પોતાના હૃદય પ્રેમથી વિદ્યાઃઅર્પણ કરવામાં તત્પર મનવાળો હોય છે તેજ વિદ્યાર્થીઓની ભકિત અને શ્રદ્ધાનું પાત્ર બને છે.

ગુણો જોઈએ તો ઘણા છે. આદર્શ શિક્ષકોના અપરમિત એટલે આદર્શ શિક્ષક, નમ્રતા સ્વચ્છતા સ્વાસ્થ્ય–આત્મવિશ્વાસ–સત્યતા–ચારિત્રમાં દૃઢતા આદિ અનેક ગુણોથી વિભૂષિત બની શકે છે. આવા સુંદર આદર્શ શિક્ષકો ભારત ભૂમિમાં ક્યારે બનશે ? ઓ શિક્ષકો, અજ્ઞાનતાને દફનાવવા કટિબદ્ધ થાઓ, અને સમાજના ભાવિરત્નો વ્હાલા વિદ્યાર્થીઓ, તમો તમારા સહાધ્યાયીને સાથે જોડી ભારતની અજ્ઞાનતાને દૂર કરવા વિશ્વમાં ખરા અધ્યાપકો બનો એ અંતરેચ્છા.

ૐ વીર.

**લે૦ અનિલ.**

## મ્હારા વંદનીય ગુરૂ.

( હીંચ. )

૧

મ્હારા ગુરૂજી બહુ મ્હને વ્હાલા,
ધર્મના પાઠ શીખાવે જો;
મ્હારા ગુરૂજી અણુમૂલ સૂત્રો,
“ નવકાર ” ના સમજાવે જો.

૨

એવા ગુરૂજી ગરવા મ્હારા,
પાય પડું હું ત્હેને જો;
ધર્મ ધ્યાનમાં મસ્ત રહે છે,
એજ ગુરૂ વન્દનીય હજો.

**ગુલાબચંદ મુળચંદ બાવીશી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનોબળ.

( લી૦ ગુલાબચંદ મૂળચંદ બાવિશી—આફ્રિકાવાળા. )

મનોબળ—મનનું બળ. મનનું બળ તોળી કે માપી શકાતું નથી. મનના બળને આકાર નથી; પરંતુ પ્રોફેસર રામમૂર્તિ કે મીસ તારાબાઇના દેહબળને અથવા પૌદ્ગલીક બળને હંફાવી દે તેવું હોય છે. એ બળ નૈસર્ગિક છે. મનોબળ વારસામાંથી મળે છે. પ્રભુનું તે ઝરણું છે, પ્રભુની તે પ્રસાદી છે, સૌ મનુષ્યને તે અર્પણ થાય છે તેની વૃદ્ધિ અને ખીલવણી સંયોગો અને હૃદયના ભાવ ઉપરથી થાય છે.

મનોબળ ખીલવવાનું સાધન આત્મસંયમ અને ચારિત્ર છે. ચારિત્ર છે એટલે બ્રહ્મચર્ય છે. ચારિત્ર્યશુદ્ધિ એટલે મન વચન અને કર્મથી બ્રહ્મચર્યનું પાલન અને એવું પાલન કરવું એટલે મનોબળ ખીલવવું. પ્રથમ લાભ, પરમ પૂજ્ય મુનિ મહારાજાઓને, બ્રહ્મચર્ય પાલન થકી મનોબળનો મળે છે અને તે દ્વારા ઘણા કાર્યો તેઓ કરી શકે છે, અરે ઘણા કાર્યોમાં સફળતા મેળવે છે.

બીજો લાભ સંસારી છતાં જીવનપર્યન્ત બ્રહ્મચારી શુદ્ધ બ્રહ્મચારી હોય તો તેઓને મળે છે, અને તે દ્વારા તેઓ પોતાનું મનોબળ ખીલવી પોતાના પ્રાન્ત કે દેશમાં ઘણા સારા કામો કરી શકે છે. અને પછી ગાર્હસ્થ્ય ધર્મ પાળનારાઓની વાત આવે છે. તેઓ પણ ગૃહસ્થ ધર્મમાં રહી બ્રહ્મચર્યનું સેવન કરી ઉત્તમ ચારિત્ર પાળે તો મનોબળ જરૂર ખીલવી શકે અને અનુકરણીય જીવન જીવી શકે.

મનોબળ ખીલવવાના સાધનો આપણે સંક્ષેપમાં જાણ્યા.

પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય મહાવીર સ્વામીને આપણે હજુ સ્મરીયે છીએ તે, તેઓ પૂજ્યપાદના મનોબળને આભારી છે.

મર્હૂમ વીરચંદ રાઘવજી વિગેરે જૈન ગૃહસ્થોને સંભારી ત્હેમના સ્મરણો તાજાં રાખીયે છીયે તે તેમના મનોબળનોજ પ્રતાપ છે.

ભાવનગરમાં શ્રી આત્માનંદ સભાનું આલીશાન મકાન આજે ખડું છે તે પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજના પવિત્ર મનોબળનું ફળ છે.

પાલીતાણાને પાદરે પાલીતાણાના મુગટ સરીખડું ગુરૂકુળ ચમકી રહ્યું છે તે શ્રી યશોવિજયજી મહારાજ સાહેબના ઉત્કૃષ્ટ મનોબળનો પુણ્ય પ્રતાપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીંબડી, અમદાવાદ, મુંબઇ અને શીવપુરી ઈત્યાદિ સ્થળોએ જે જે સંસ્થાઓ અસ્તિત્વ ધરાવી રહી છે તે તે તેમના સ્થાપક અને રક્ષકના મનોબળનેજ આભારી છે.

મનોબળને મધુરા પુષ્પો થાય છે અને તે પુષ્પો બીજું કાંઇ નહીં પણ આદર્શ સંસ્થાઓ.

એવા મનોબળ સૌને વરો !!

મનોબળ કોનું સૌથી મ્હોટું જોઈએ તેનો આપણે વિચાર કરીએ. કૉલેજમાં પ્રૉફેસર કે પ્રિન્સિપાલ સાહેબ તથા સ્કૂલોમાં માસ્તર સાહેબો જ્યારે પોતાના અવર્સ લેતા હોય ત્યારે ભરચક કલાસમાં ત્હેમના મનોબળની કસોટી થાય છે બલ્કે મનોબળને વિકાસ મળે છે.

પ્રમુખ તરીકે બેસવામાં અને વકતા તરીકે ભાષણ દેવામાં પ્રચંડ સભાઓમાં મનોબળની ખાત્રી થાય છે, બલ્કે મનોબળ પ્રફુલ્લિત બને છે.

ગ્રાહકોની સાથે ખુશમિજાજથી કામ લેવામાં વેપારીના મનોબળની કિમ્મત અંકાય છે.

સંસ્થાના માનદ મંત્રી તરીકે સેવા બજાવવામાં મંત્રીજીનું મનોબળ કસોટીની એરણે ચડે છે અને તેમાં ઘણો વિકાસ થાય છે. આ ઉપરથી એમ કહી શકાય કે જ્યાં અધિકાર ત્યાં મનોબળ પણ જ્યાં મનોબળ ત્યાં અધિકાર નહીં.

ગૃહસંસાર સુખરૂપ ચલાવવામાં સ્ત્રીનું મનોબળ ઘણુંજ મજબૂત અને આદર્શમય જોઇએ. આથી પુરૂષે નાશીપાસ થવાનું નથી. આ ઉપરથી સિદ્ધ થઇ શકે છે કે “ મનોબળ ” નું સામર્થ્ય બરાબર હોય તો જીવનની છાપ જનસમૂહ ઉપર સારી પડી શકે છે અને પડ્યો બોલ ઝીલાય છે.

**જામનગર.**

## પ્રશ્નોત્તર.

જગદ્વિખ્યાત જૈનાચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજને પુછાયેલા પ્રશ્નો, અને તેના તેઓ સાહેબ તરફથી મળેલા ખુલાસા.

**( સં૦ ભા૦ ઝ૦ છગનલાલ. સુરવાડા )**

**પ્રશ્ન**—જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણમાં દર્શન એટલે શું ?

**જવાબ**—સમ્યકત્વ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—કોઈ જીવને સમક્તિ પ્રાપ્ત થયું તે કર્મયોગે વમી ગયો પણ અંતે તો તે મુક્તિ પામવાનો કે નહીં ?

**જવાબ**—જરૂર.

**પ્રશ્ન**—સમક્તિધારી જીવને પ્રસંગે પ્રભુવચનોમાં શંકા થાય, પણ તેનું સ્વમતિ અનુસાર યા મુનિરાજ આદિને પૂછી સમાધાન કરે તો તેથી તેનું સમક્તિ ગયું તો ન કહેવાય ?

**જવાબ**—ના.

**પ્રશ્ન**—જે જીવે સમ્યકત્વ ગ્રહણ કરેલું હોય સમ્યકત્વ લેતાં વ્યવહારિક કામે પ્રસંગે વર્તવું પડે તેની છુટ રાખી હોય તે જીવને અકસ્માત કોઇ વ્યંતરનો ઉપદ્રવ થાય અગર સર્પ વિંછી આદિ ઝેરી જંતુ ડસ્યું હોય તો તે દૂર કરવા માટે કોઈ અન્ય દર્શનીનો ઉપચાર ( દોરો બાંધવો, બાધા રાખવી, ઝેર ઉતારવા જવું વીગેરે ) કરે. પણ એ સર્વ વૈદ્યના ઔષધ રૂપજ માનીને કરે તો તેથી તેના સમ્યકત્વને દૂષણ લાગે ?

**જવાબ**—એમાં કંઇ બાધ જણાતો નથી, કારણ એથી કાંઇ એની દેવ, ગુરૂ, ધર્મ સંબંધી બુદ્ધિમાં ફરક પડતો નથી. જો તેમાં ફરક પડી જાય તો જરૂર બાધ આવે.

**પ્રશ્ન**—શત્રુંજય તીર્થની યાત્રા કરનાર જીવ સમક્તિવાન ગણાય કે નહીં ?

**જવાબ**—ભાવ પૂર્વક યાત્રા કરનારને સમ્યકત્વ હોયજ. સમક્તિ વિના ભાવથી યાત્રા કરી શકે નહીં.

**પ્રશ્ન**—અનંત ચારિત્ર એટલે શું ?

**જવાબ**—આત્માના શુદ્ધ સ્વરૂપનું રમણ કે જે શુદ્ધ સ્વરૂપનો અંત ન આવે.

**પ્રશ્ન**—ચોથા અવિરતિ સમક્તિ દૃષ્ટિ ગુણઠાણે રહેલા જીવને વિરતિપણું તો ન સંભવે, પણ તેને નવકારશી આદિનું પચ્ચખાણ ઉદય આવે કે નહીં ?

**જવાબ**—ના. જો આવે તો અવિરતિ મટી વિરતિ થઇ જાય.

**પ્રશ્ન**—જેના ઘરમાં પુત્ર કે પુત્રીનો પ્રસવ થાય તે ઘરના માણસોથી પ્રભુની અંગપૂજા, પ્રભુ-દર્શન, અગ્રપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પુસ્તક વાંચવું, માળા ગણવી ઇત્યાદિ ધર્મકાર્યો કેટલા કેટલા દિવસે થઇ શકે ?

**જવાબ**—પુત્રના જન્મનુ સૂતક અગીયાર દિવસ અને પુત્રીના જન્મનું સૂતક બાર દિવસનું શાસ્ત્રોમાં કહેલ છે. એટલે પુત્રવાળો અગીયાર દિવસ પછી બારમે દિવસે અને પુત્રીવાળો તેરમે દિવસે પ્રભુપૂજા કરી શકે. પ્રભુદર્શન, અગ્રપૂજાને માટે મનાઇ જાણી નથી. પ્રભુની તસ્વીર કે ચિત્રેલ સિદ્ધચક્રજીનો ગટ્ટો હોય તેને બનતાં સુધી ન અડાય તો ઠીક. ઉંચેથી વાસક્ષેપ પધરાવી પૂજા કરી લેવામાં હરકત જણાતી નથી. તેવીજ રીતે એકાંત સ્વચ્છ સ્થાનમાં બેસી સામાયિક પ્રતિક્રમણ પુસ્તક વાંચવું માળા ગણવી વિગેરે મૌનપણે કરવામાં હરકત જાણી નથી. પરંતુ કરનાર માણસ વિવેકી હોવો જોઇએ. એટલે પ્રસૂતિ-વાલા સ્થાનમાં જવા આવવાવાળો ન હોવો જોઇએ. તેમ છતાં પ્રસંગે જવું આવવું થાય તો પોતાના શરીર વસ્ત્રોની શુદ્ધિ કરવામાં વિવેકવાળો હોવો જોઇએ. જેનાં ઘરમાં જન્મસૂતક થયેલ હોય, તે ધણી વિવેકી હોય અને પોતાને ખાવા પીવા ઉઠવા બેસવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરેનું કામ તદ્દન અલગ રાખતો હોય તેને પ્રભુની અંગપૂજા કરવામાં પણ બાધ જણાતો નથી.

**પ્રશ્ન**—માણસના મરણનું સૂતક કેટલા દિવસનું–એટલે કે સૂતકમાં પ્રભુની અંગપૂજા આદિ ધર્મ કાર્યો કેટલા કેટલા દિવસે થઇ શકે ?

**જવાબ**—મરણનું સૂતક બાર દિવસનું જાણવું. આઠ વર્ષ સુધીના બાલકનું આઠ દિવસનું જાણવામાં છે. એક ગોત્રીને સૂતકવાળાને ઘેર ખાતા પીતા હોય તો બાર દિવસનું, નહીં તો પાંચ દિવસનું જાણવું. બાકી સાથે જનારાઓને એક દિવસનું, કાંધે ઉપાડનારાને બે દિવસનું, અને લાકડાં ગોઠવવાં આદિ બાળવાનું કામ કરે તેને ત્રણ દિવસનું, વળી પરગામ કે પરદેશમાં મરે તો એક દિવસનું જાણવું. મતલબ કે જેનું જેટલા દિવસનું સૂતક આવે તેટલા દિવસ ફક્ત પ્રભુની અંગપૂજા ન કરી શકે, તે સિવાય પ્રભુદર્શન, અગ્રપૂજા કરવામાં બાધ નથી. બાકી સામાયિક પ્રતિક્રમણ આદિ ક્રિયા મૌનપણે કરવામાં હરકત જણાતી નથી.

**પ્રશ્ન**—પ્રભુ સામે જે બદામો મૂકવામાં આવે છે તેજ ફરી પૈસાથી ખરીદી પ્રભુ સામે ધરવામાં આવે તેમાં દોષ છે ?

**જવાબ**—એ રૂઢી પડી ગઇ છે પણ તે યોગ્ય નથી. કેમકે એક વખત પ્રભુને ચઢાવેલી વસ્તુ બીજીવાર ચઢાવવી ઠીક નથી.

**અપૂર્ણ.**

# સુધારો.

## ( ગતાંક વર્ષ અંક ૧૧ મો. )

પછી

| | |
|---|---|
| પા. ૨૬૩ .... .... .... | લીંટી ૨૧ તેમજ પછી "પ્રભુના પુત્ર શ્રી ભરત મહારાજ" એટલું વધારીને વાંચવું. |
| પા. ૨૬૫ .... .... .... | ચક્રવર્તિઓનું લીસ્ટ. ૧૧ મા ને બારમા અને બારમા ચક્રવર્તિને આઠમા ગણવા. |
| પા. ૨૬૨ .... લીંટી ૧૩ | (૧૦) ને બદલે (૧૫) વાંચવું. |
| ,, .... લીંટી ૧૯ | ચાર સાગરોપમને બદલે ચાર કોડા કોડી સાગરોપમ વાંચવું. |
| ,, .... લીંટી ૨૩ | ત્રણ પલ્યોપમને બદલે ત્રણ કોડાકોડી સાગરોપમ વાંચવું. |
| ,, .... લીંટી ૨૮ | ૨ સાગરોપમને બદલે બે કોડાકોડી સાગરોપમ વાંચવું. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## જર્મન વિદુષિ મીસ ક્રૌઝે (સુભદ્રાદેવી) પી. એચ. ડી. એ. લીધેલા જૈન વ્રતો. અને તે પ્રસંગે થએલો ઉત્સવ.

બ્યાવર ( રાજપૂતાના ) માં પૂજ્યપાદ ઇતિહાસ તત્ત્વ મહોદધિ જૈનાચાર્ય શ્રીમાન્ **વિજયેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ તથા ન્યાય વિશારદ ન્યાયતીર્થ ઉપાધ્યાય **શ્રી મંગલવિજયજી મહારાજ** આદિ ચાતુર્માસ બીરાજે છે. તેમના દર્શન કરવા માટે મીસ **ક્રૌઝ સુભદ્રાદેવી** પી. એચ. ડી. ૨૪ મી તારીખે અહિ આવેલ છે કે જે જર્મનીની લીપ્ઝીક યુનીવર્સિટિમાં સંસ્કૃતના આસિસ્ટન્ટ પ્રોફેસર હોઈ સંસ્કૃત, પ્રાકૃત, જર્મની, અંગ્રેજી, ગુજરાતી, હીન્દી અને મારવાડી વિગેરે અનેક ભાષાઓ જાણે છે. છતાં વિશેષ અભ્યાસ કરવા માટે ગયા નવેમ્બર માસમાં મુંબઇ આવી પહોંચી હતી. મુંબઇમાં છ સાત માસ રહીને પછી આબુજીમાં આચાર્ય મહારાજ શ્રીમાન્ વિજયેન્દ્રસૂરીશ્વરજી મહારાજના દર્શન કરીને તેમની સૂચનાનુસાર શિવપુરીમાં શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં અભ્યાસ કરવા માટે ગઇ હતી ત્યાં જૈન આગમ પ્રતિક્રમણ સૂત્ર, જૂની ગુજરાતી અને નવી ગુજરાતી, હીન્દી ભાષા વિગેરે વિગેરેનો અભ્યાસ કરતી હતી. અને સાથે સાથેજ ત્યાં બીરાજમાન શાસન દીપક મુનિરાજ શ્રી **વિદ્યાવિજયજી** મહારાજના સદુપદેશથી અને પાંચ મહિના સુધી વિદ્યાર્થીઓની સાથે સહવાસમાં રહી જૈન ધર્મના સિદ્ધાન્તો આચાર વિચાર વિધીવિધાન તપસ્યા દેવગુરૂ અને ધર્મ ઉપરની ભક્તિ-શ્રદ્ધા વિગેરે જોઇને બહુ વિચાર કર્યા પછી જૈન ધર્મ સ્વીકારવાની તેમની ઇચ્છા થઇ હતી. પોતાની તે ઇચ્છાને અહિ આચાર્ય મહારાજશ્રી પાસે પ્રગટ કરતાં આચાર્યશ્રી વિજયેન્દ્રસૂરિજી મહારાજે શ્રાવણ વદિ ૫ ને શુક્રવાર તા. ૨૭-૮-૨૬ ને દિવસે નગરશેઠ ઉદયમલજી શાહજીના કટલાના વિશાલ ચોગાનમાં ખાસ ઉભા કરેલા મંડપમાં સર્વ સાધારણ જનતા, અને ચતુર્વિધ શ્રી સંઘ, સમક્ષ શ્રાવક ધર્મના બાર વ્રતોમાંના ( જર્મનીમાં પણ તેમનાથી પાળી શકાય તેવાં ) ૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ ( હિંસા ન કરવી ) ૨ સ્થૂલ મૃષાવાદ વિરમણ ( જુઠું નહિ બોલવું ) ૩ સ્થૂલ અદત્તાદાન વિરમણ ( ચોરી નહિ કરવી ) ૪ સ્થૂલ મૈથુન વિરમણ ( યથા શક્તિ બ્રહ્મચર્ય પાળવું ) ૫ સ્થૂલ પરિગ્રહ વિરમણ ( દ્રવ્ય વિગેરે ઉપર મૂર્ચ્છા ઓછી કરવી-સંતોષ ધારણ કરવો.) ૬ સામાયિક ( અમુક સમય સમભાવમાં રહેવું) ૭ દેશાવકાશિક ( અમુક સમય સુધી નિશ્ચિત સ્થાનથી બહાર જવું નહિ અથવા વધારે વખત સુધી સમભાવમાં રહેવું ) ૮ અતિથિ સંવિભાગ (ધાર્મિક મનુષ્યોને દાન આપવું) આ પ્રમાણે આઠ વ્રતો બહુ ધામધૂમ પૂર્વક આપ્યાં હતાં અને તેમણે બહુ હર્ષપૂર્વક સ્વીકાર્યાં હતાં. વિધિ પ્રમાણે નાણ મંડાવીને બધી ક્રિયા કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે, તેણીએ ચોવિહાર ઉપવાસ કરીને દેવવંદન, ગુરૂવંદન, ખમાસમણાં દેવાં, મુહપત્તિ પડિલેહવી, વાંદણા દેવા અને આદેશ માગવા વિગેરે ક્રિયાઓ એવી તો સુંદર રીતે સમતાથી અને સ્થીરતાથી કરી હતી કે તેવી રીતે સારા જાણકાર શ્રાવકો પણ આજ કાલ કરતા નથી. વિધિ પ્રમાણે બધી ક્રિયા પુરી થયા પછી પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ ખૂબ બુલંદ અવાજથી અને અસર કારક રીતે તેણીને શિખામણ ઉપદેશ સ્વરૂપ વિવેચન કરીને સભ્યોના મન રંજિત કર્યા હતા. ત્યાર બાદ મીસ ક્રૌઝેએ પોતાના ભાષણમાં પોતાનું હિન્દુસ્થાનમાં આવવું, આચાર્ય મહારાજશ્રીનો ઉપદેશ, વીરતત્ત્વ પ્રકાશમં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડળમાં અભ્યાસ કરવો, પોતાને જૈન ધર્મ ઉપર શ્રદ્ધા કેવી રીતે થઇ વિગેરે બાબતોનું ગુજરાતી ભાષામાં ખૂબ સ્પષ્ટીકરણ કર્યું હતું. પછી આચાર્ય મહારાજશ્રીએ તેનો હિન્દીમાં અનુવાદ કરી સંભળાવ્યો હતો. આ અપૂર્વ પ્રસંગ જોવા માટે આખા બ્યાવરની પ્રજા ઉતરી પડી હતી શ્વેતાંબરી, દિગંબરી, સ્થાનકવાસી, તેરાપંથી, હિન્દુ તથા અન્ય ધર્માનુયાયી મનુષ્યોની આશરે પાંચ હજારથી વધારે સંખ્યા નજરે પડતી હતી. અન્તમાં મુબઇ, અમદાવાદ, સુરત, મ્હેસાણા, ભાવનગર, પ્રતાપગઢ, અને બ્યાવર વિગેરે સ્થાનેથી આવેલી ભેટો મીસ ક્રૌઝેને અર્પણ કરવામાં આવી હતી. મીસ ક્રૌઝે સૌનો ઉપકાર માન્યો હતો. બાદ સભા વીસર્જન થઇ હતી. મીસ ક્રૌઝેની સાથે ભાવનગર નિવાસી ગાંધી અભયચંદ ભગવાનદાસે પણ શ્રાવકના અણુવ્રતો ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે બગડી નિવાસી શેઠ હંસરાજજી સાગરમલજીએ શ્રીફળની પ્રભાવના કરી હતી. મીસ ક્રૌઝે થોડા દિવસ અહિ રહીને પાછી શિવપુરી શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં અભ્યાસ કરવા માટે જશે.

## " પાદરામાં પજુષણ પર્વ અને અક્ષય નિધિ તપનું આરાધન "

પાદરામાં **મુનિમહારાજ શ્રી હંસવિજયજી** આદિ મુનિવરો સમક્ષ પજુષણ કરવા શુમારે જુદા જુદા પચીશ ગામના લોકોની હાજરી હતી.

અક્ષયનિધિ તપ પાદરામાં પહેલ વહેલોજ આ વર્ષે શરૂ થયા, તેમાં ૬૮ મનુષ્યાની હાજરી હતી. શ્રાવણ વદી ૦))શ્રી કલ્પસુત્રનો વરઘોડો ચઢયો હતો. દેવદ્રવ્ય તથા જ્ઞાન દ્રવ્યની ઉપજ પણ ઠીક થઈ હતી. અઠાઇઓ વિગેરે તપ પણ ઠીક થયા હતા. શ્રાવક ભાઇઓએ દુકાનો આઠ દિવસ બંધ રાખી હતી ભાદરવા શુદી ૫ શ્રી અશ્રય નિધિ તપનો વરઘોડો ચઢયો હતો.

## તા. ૧૫ મીની સિદ્ધગિરીના સંબંધની યાદગાર સભા.

**પાદરા તા. ૧૫-૮-૧૯૨૬.**

આજરોજ સવારના નવ વાગે અત્રે પરમ પૂજ્ય શાન્તમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજના પ્રમુખપદે મોટી સભા ભરવામાં આવી હતી.

શ્રાવણ શુદ ૫ ની શ્રી સંઘની સભામાં ઠર્યા મુજબ આજ સખત પાખી પાળવામાં આવી હતી, તથા શોકનો દિવસ ગણી આરંભના કામો બંધ કરી તપસ્યાઓ મોટા પ્રમાણમાં કરવામાં આવી હતી.

શરૂઆતમાં ગુરૂ મહારાજે મંગળાચરણ કર્યા બાદ તેઓશ્રીએ શ્રી શત્રુંજય તીર્થનો મહિમા સમજાવી પોતાની પાસેના શ્રી શત્રુંજય મહાત્મ પ્રદર્શક ચોવીસ જીનનો સચીત્ર પટમાથી દરેક તીર્થંકર મહારાજાએ વર્ણવેલું શ્રીશત્રુજય તીર્થનું મહાત્મ સમજાવ્યું હતું, તેમજ શત્રુજય તીર્થ સંબંધી સંતોષકારક નીવેડો ન આવે ત્યાં સુધી યાત્રા ત્યાગ કરવાનુ સુચવી તેઓશ્રીએ નીચે મુજબ ઉપદેશ આપ્યો હતો.

**सिद्धास्तीर्थकृतोऽनन्ताः यत्र सेत्स्यंति चापरे ।**
**मुक्तेर्लीलागृहं यच्च तिर्थं तस्मै नमो नमः ॥ १ ॥**

મહાશયો આ તીર્થ હજારો લાખો કરોડો વર્ષોની શ્રી જૈન સંઘની સત્તા હકુમત અને સંપતિ છે તેના ઉપર આવેલા સંકટ નિવારણ કરવા હવે આપણે કટીબધ થવું જોઇએ, અને તન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન ધનથી મદદ કરવા તત્પર થવુ, જેની શક્તિ તન અને ધનથી મદદ આપવાની ન હોય તેને હમેશાં એક કલાક શ્રી નવકાર મંત્રનો જાપ કરવો અને હમેશાં અથવા તિથિઓના દીવસે શીલ-વ્રત પાલવું. શરિર સંપતિવાલાએ આંબેલ પ્રમુખનો તપ કરવો અને આજે તો ઘર દીઠ ઓછામાં ઓછું એકએક આંબેલ કરવું. તથા સામાયિક પ્રતિક્રમણાદિ ધર્મ કાર્યો કરવા. વધારે શકિતવાલાએ દેસાવકાશિક અને પૌષધ વ્રત પણ પાળવું. ધન સંપતિવાળાએ પૂજા પ્રભાવના સાધર્મિ ભાઇયોને મદદ અને તીર્થ રક્ષા માટે સર્વસ્વ ખરચી તીર્થને તાબે કરવા કોશીષ કરવી. એટલું કહી હવે હમારૂ બાલવુ ખતમ કરૂં છું.

એ રીતે ઉપદેશ આપ્યા પછી વકીલ મોહનલાલ હીમચંદે શ્રી પાલીતાણા દરબાર અને તીર્થના રખોપા સંબંધીની શરૂથી આજ સુધીની હકીકત કહી. આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આવેલ યાત્રાત્યાગનો ઠરાવ તથા જાહેરનામું વાંચી સંભળાવ્યું. યાત્રાત્યાગનો ઠરાવ કરી તેને ચુસ્તપણે વળગી રહેવા વિનંતિ કરી હતી, તે પછી શ્રી સંઘની આખી સભાએ શ્રી શત્રુંજય તીર્થ સબંધી તમામ તકરારોનો સંતોષકારક નીવેડો ન આવે ત્યાં સુધી કોઇએ શ્રી શત્રુંજયની યાત્રાએ જવુ નહી. એવો ઠરાવ સર્વાનુમતે પસાર કરી તે ઠરાવનો મક્કમપણે અમલ કરવાનું ઠરાવ્યું હતુ. જે પછી પ્રમુખ સાહેબનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

## સ્વીકાર અને સમાલોચના.

**શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ સુરત–સં. ૧૯૮૧ નો રીપોર્ટ તથા હિસાબ:–** મળેલ છે. આ સંસ્થામાં હાલ એકત્રીશ વિદ્યાર્થીઓને કેલવણીના સાધનો મફત પુરા પાડી તેમજ તેનું પોષણ કરી, વિદ્યાર્થીઓ કેળવણી લેવામાં સહાય આપે છે. સાથે ગુપ્ત મદદનું ફંડ છે કે જેમાંથી ગરીબ વિદ્યાર્થીને બધા સાધનો પુરા પાડે છે. સાથે એક પુસ્તકાલય પણ છે. આ આશ્રમને સ્થાઇ ફંડ અને પોતાનું મકાન, સુરત નિવાસી જૈન બંધુઓ શ્રીમાન્ હોવાથી તે તરફ દ્રષ્ટિ કરી કરી આપવાની જરૂર છે. હિસાબ તથા વહીવટ રીપોર્ટ વાંચતા યોગ્ય જણાયેલ છે અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**શશિકલા અને ચૌર પંચાશિકા**–આ બુક તેના પ્રકાશક મેસર્સ વર્ધમાન એન્ડ સન્સ મુંબઇ તરફથી અવલોકનાર્થે ભેટ મળેલી છે. આ ગ્રંથ સંસ્કૃત શ્રૃંગારિક કાવ્યનો કવિ–બિલ્હણની કૃતિનો છે જેમાં પચાસ શ્લોકો છે, તે સાથે સર એડવીન આર્નોલ્ડની કૃતિની ઇંગ્લીશ કવિતા અને તેનો ગદ્ય પદ્ય ગુજરાતી અનુવાદ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. ગ્રંથ સચિત્ર છે અને તેમાંના કાવ્યો ઉચ્ચ શૈલીના સંસ્કૃત છે. ગ્રંથમાં પાછળ કોષ આપી વધારે સરલ બનાવેલ છે. આઠ ફારમના આ ગ્રંથની બે રૂપિયા કિંમત કંઇ અધિક:અમોને લાગે છે. છતાં તેના કાગળ છાપણી અને બાઇડીંગ સારૂં થયેલ છે. મળવાનું ઠેકાણું પ્રકાશકને ત્યાં.

મુંબઇ. પાયધુની નં. ૩.

**વૈરાગ્યરસ મંજરી**–નામનો ગ્રંથ જે **આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરિ મહારાજ** રચિત અમોને સમાલોચનાર્થે ભેટ મળેલ છે. આ ગ્રંથમાં ૬૪૨ સંસ્કૃત શ્લોક છે કે જે વૈરાગ્ય રસયુક્ત છે, સંસ્કૃત ભાષા પણ સરલ છે. શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજના પ્રથમ પુષ્પ તરીકે બુહારી નિવાસી મોહનલાલ પિતાંબરદાસે પ્રકટ કરેલ છે. બે આનાની ટીકીટ મોકલ-વાથી આ પ્રત સંસ્કૃતના અભ્યાસીઓને તથા ભંડારમાં ભેટ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના રીપોર્ટો મળ્યા છે તે સાભાર સ્વીકારીએ છીએ.

૧ શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન—નાણા પ્રકરણ અને તે શું છે?

પ્રસિદ્ધ કર્ત્તા મેનેજીંગ ટ્રસ્ટીઓ.

૨ શ્રી ઘાટકોપર સાર્વજનિક જીવદયા ખાતું:—સં. ૧૯૮૨ ના અશાડ વદી ૩૦ સુધીનો રીપોર્ટ આ ખાતાની વ્યવસ્થા ઉત્તમ છે, પૈસા આપનારનો સદ્વ્યય થાય છે. તેને ઉત્તેજન આપવાની જરૂર છે.

## અમારો સત્કાર.

શ્રી આત્માનંદ પ્રકાશના પ્રકાશક આત્માનંદ સભાના સેક્રેટરી જોગ—ભાવનગર.

જત નીચે પ્રમાણે મારો અભિપ્રાય આવતા માસિકના અંકમાં પ્રગટ કરશોજી.

હિંદુસ્થાનના તમામ વાંચકવર્ગ જૈનભાઇઓને મારી વિનંતિ છે કે—આત્માનંદ પ્રકાશ માસિકના પુસ્તક ૨૩—૨૪ ના બે વર્ષની ભેટની બુક "ધર્મરત્ન પ્રકરણ" ઘણુંજ વાંચવા લાયક છે. જે દરેક શ્રાવક ભાઇઓને ખાસ વાંચવું, વાંચીને શ્રાવકો કોને કહેવાય વિગેરે તત્ત્વોનો ગૂઢાર્થથી રચના થએલું ઘણું જ ઉપયોગી છે. પુસ્તકની રચનાના પ્રમાણમાં લવાજમના રૂ. ૨—૧૫—૦ બે વર્ષના ખર્ચ સાથે ભરવા, એ પુસ્તકમાં રહેલા ગુણોના હિસાબે કાંઇજ ખર્ચ નથી. જે અનેક સંજોગો વચ્ચે મુનિઓનો સમાગમ થાય તોપણ ધર્મરત્ન પ્રકરણમાં રહેલો બધો ઉપદેશ મળી શકે એ મુશ્કેલ છે. માટે જે ભાઇએ કદાચિત વી૦ પી૦ ભૂલથી અથવા પૈસાના ખર્ચના હિસાબથી અગર કોઇપણ કારણસર પાછું કરવામાં આવ્યું હોય તો તે દરેક ભાઇએ ખાસ સ્નેહથી વી૦ પી૦ પાછું મંગાવી પુસ્તક વાંચવાથી આપની ખાત્રી થશે. એજ. સર્વે ભાઇઓને મારા જયજીનેંદ્ર હોજો.

લખમીચંદ જવેરચંદ સોલંકી.

નંદુરબાર જી. પ. ખાનદેશ.

## ઉચ્ચ સાહિત્યજ્ઞાન તથા જીવનવિકાસ માટે અમૂલ્ય તક.

ગુરૂકુળમાં જૈન સાહિત્ય મંદિર માટે ૧૫ થી ૨૦ વર્ષની ઉમરના મેટ્રિક લગભગની યોગ્યતાવાળા જૈન—અજૈન ૧૦ અવિવાહિત વિદ્યાર્થી લેવાના છે. અભ્યાસક્રમ ત્રણ અને પાંચ વર્ષનો છે. જેમાં સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, અંગ્રેજી વગેરે ઉચ્ચ ભાષાજ્ઞાન સિવાય તુલનાત્મક દર્શનશાસ્ત્ર, જૈન તત્ત્વજ્ઞાન, જૈન સાહિત્ય તેમજ વક્તૃત્વ અને લેખનનો ઉચ્ચ અભ્યાસક્રમ રહેશે. ભોજન, વસ્ત્ર તેમજ અભ્યાસ સંબંધી કુલ ખર્ચ ગુરૂકુળ તરફથી રહેશે.

તે સાથે વિનયમંદિર માટે ૮ થી ૧૦ વર્ષની ઉમરના જેણે માતૃભાષાનો ત્રણ ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવા વિદ્યાર્થી પણ લેવાના છે.

વિનતિપત્ર નિયમ વગેરે માટે લખો—

અધિષ્ઠાતા,

શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ.

ગુજરાંવાલા [ પંજાબ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સૂત્રો.

'**સન્માન**' એ એવી વસ્તુ નથી કે જે દાવો કરીને બીજા પાસેથી મેળવી શકાય, એતો જે તેને લાયક હોય તેના તરફ આપો આપજ આકર્ષાઇ આવે છે.

ઓછી જરૂરનાં કામોમાં શકિત, આયુષ્ય અથવા ધન વાપરી દેવાથી પછી ખરી જરૂરનાં કામો કરવાની શકિત રહેતી નથી.

બીજાનાં દુ:ખને પોતાનું ગણવું એનું નામજ **મહાત્માપણું, સહાનુભૂતિ અથવા સમભાવ છે.** એજ ખરો ધર્મ છે. એને પાલનારાને ધન્ય છે.

**બે વાતો અવશ્ય ભૂલી જજો.** (૧) બીજાઓએ તમારી વિરૂદ્ધ જે કાંઇ કહ્યું અથવા કર્યું હોય તે, અને (૨) બીજાઓ ઉપર તમે કાંઇ ઉપકાર કર્યો હોય તે.

અધિકાર—યોગ્યતા—મેળવ્યા વિનાજ મુકિત શોધવા જશો તો ઉલ્ટા નરકમાં પડશો. સર્વોત્તમ મોક્ષપદ પામવું હોય તો તેવા સેવાપાત્ર પ્રાણીઓની નિષ્કામ સેવા કરો અત્યારે તમારે માટે એજ મોટામાં મોટી સાધના અને **સ્વધર્મ** છે.

ધનવાનનું હૃદય **ખજાના** તરફ અને ભકતનું હૃદય **ભગવાન** તરફ રહે છે, ચમત્કાર બતાવવા એતો જાદુગરનું કામ છે. ઇશ્વરભકતનું એ કામ નથી.

મૃત્યુથી ડર્યા કરનારને સદાકાળ તેની વેદના (ભય) ભોગવવી પડે છે, અને જે મૃત્યુથી ડરતો નથી તેને તો માત્ર એકજવાર તે ભોગવવી પડે છે.

વસ્તુ અને પંડ, એ બન્નેને બગાડવા કરતાં એકલી વસ્તુનેજ બગડવા દ્યો.

બીજાઓને દુ:ખી જોઇને જેને દુ:ખ ન થાય, તે પશુ કરતાં પણ નીચ છે.

ભગવાનને ઘડપણમાં ભજવાનું તો મોટા સુલ્તાનોથી પણ બની શકતું નથી.

રાજ્યનું ધન, એ રાજાની મિલ્કત નહિ પણ પ્રજાની અનામત છે.

સારા માણસોની સાથે અને ભગવાનની સાથે ( ઇશ્વરી નિયમોની સાથે ) યુદ્ધ કરવું એ સેતાન સિવાય બીજા કોઇને પાલવે નહિ.

વૃદ્ધાવસ્થામાં ભકિત શરૂ કરવી એતો સેતાનનું એંઠું ઇશ્વરને ધરવા જેવું છે.

ભોગો ભોગવ્યાથી વાસનાઓ તૃપ્ત નથી થતી, પણ ઉલ્ટી વધે છે.

'આદર્શ દ્રષ્ટાંતમાળા'

For Private And Personal Use Only